Rs.5/-

Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૦૫-૨૦૬ ● સંયુક્તઅંક ઓગસ્ટ-સપ્ટેમ્બર૨૦૨૪

Volume no. 18, Issue No. 205-206 Combined Issue August-September 2024

માસિક



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001



ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ.પૂ.લાલજી મહારાજશ્રીને શુભેચ્છા પાઠવતા.



શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના સર્વે સંતો-ભક્તો વતી અમદાવાદ મંદિરના મહંત સ્વામી
પ.પૂ.લાલજી મહારાજશ્રીને શુભેચ્છા પાઠવતા.




# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૭ (મૂળ વર્ષ ૫૭) ● સળંગ અંક : ૨૦૫/૨૦૬ ● ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૪

**સંસ્થાપક**
પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**તંત્રી શ્રી**
શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

**એડ્રેસમાં ફેરફાર કરવા**
E-mail : magazine@swaminarayan.in

**લવાજમ**
વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

## અ નુ ક્ર મ ણિ કા

૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, ૦૫
પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

૦૩. પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વિવાહ ૦૬

૦૪. સોહામણી સપ્તપદી ૧૮

૦૫. ગુરુપૂર્ણિમા આશીર્વચન ૨૧

૦૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૨૫

૦૭. ભક્તિસુધા ૨૮

૦૮. સત્સંગ સમાચાર ૩૨

# અસ્મદીયમ્

આ અષાઢ માસમાં મહારાજની કૃપાથી આપણે બે ઉત્સવના સાક્ષી બન્યા.

એક તો, મહારાજે બહેનોને ભાવિ ગુરુ નક્કી કરી આપ્યા, જે ભવિષ્યમાં મુમુક્ષુ બહેનોને દીક્ષા આપશે. પ.પૂ. ભાવિ આચાર્ય - ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજીના લગ્ન બાદ સત્કાર સમારંભને (તા. ૧૬-૭-૨૦૨૪) આપણે ભવ્ય રીતે ઉજવ્યો. અષાઢી મેઘે પણ સહકાર આપ્યો. અનેક હરિભક્તો પ્રસંગના સાક્ષી બન્યા. અમદાવાદ દેશની શ્રી નરનારાયણદેવની ગાદીમાં પ્રથમ વખત પૌત્રના લગ્નમાં દાદાએ આશીર્વાદ આપવાનો લ્હાવો લીધો. આપણને સૌને સત્કાર સમારંભમાં ત્રણ-ત્રણ પેઢીના દર્શનથી હૈયું ભરાઈ આવ્યું.

બીજું, આ વખતે ગુરુ પૂર્ણિમા રવિવારે હોવાથી શ્રી નરનારાયણદેવના ચોકમાં શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપના આશીર્વાદનો લાભ મોટી સંખ્યામાં હરિભક્તોએ લીધો. આપણા ગુરુ શ્રીજી મહારાજ નક્કી કરીને આપી ગયા છે. આપણે ગુરુ શોધવા જવાનું નથી. આ જીવને કાળ, માયાના ભયથી મુક્ત કરાવી શકે એવા ગુરુ મહારાજે આપણને આપ્યા છે. ગુરુએ ઉપદેશ કરેલા સ્વધર્મમાં રહીને જ હરહંમેશ વર્તન કરીએ એ જ આપણી સાચી ગુરુ દક્ષિણા છે.

મારે એક ત્રીજી વાત સૌ હરિભક્તોને કહેવાની છે. આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં ઘણા વૃક્ષોનું રોપણ કરાવ્યું છે. આ વર્ષા ઋતુમાં સૌ ગામોગામ અને શહેરના હરિભક્તોને અમારો ખાસ અનુરોધ છે કે દરેક વ્યક્તિએ ઘર, રસ્તે કે ખેતરે વધુમાં વધુ વૃક્ષોનું (ઓછામાં ઓછા પાંચ) રોપણ કરી ઉછેર કરવો એ આપણી જવાબદારી સમજવી.

આપણને મહારાજે શ્રી નરનારાયણદેવની સ્થાપના કરી, એમાં હું અખંડ રહ્યો છું. એવું વચન આપ્યું છે. આપણા સદ્ભાગ્ય છે કે આવો મનુષ્ય અવતાર મળ્યો છે. એ પણ આવા સત્સંગમાં મળ્યો છે. આવા ધર્મવંશી આચાર્યના ત્રણ સ્વરૂપ આપણી સાથે છે. તેમના સાંનિધ્યમાં ભજન-ભક્ત કરી લેવી એ જ આ અવતારની સાર્થકતા ગણાય.

સૌ હરિભક્તોને હેત પૂર્વક અમારા જયશ્રી સ્વામિનારાયણ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# શ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જુલાઈ-૨૦૨૪)

૨ થી ૧૩ સર્વોપરી શ્રી છપૈયાધામ ખાતે પરમપૂજ્ય લાલજી મહારાજશ્રીના લગ્નોત્સવ, અલ્હાબાદ લગ્નવિધિ ત્યાંથી છપૈયા જાન પ્રસ્થાન.

૧૫ સમગ્ર ધર્મકુળ મહેમાનો સાથે શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સંત-હરિભક્તો દ્વારા ભવ્યાતિ ભવ્ય સ્વાગત પ્રસંગ પોતાના શુભ સાંનિધ્યમાં સંપન્ન થયું. સાંજે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પારિવારિક સ્નેહીજનો માટે સત્કાર સમારંભ આયોજીત થયો.

૧૬ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે. સાંજે સાયન્સસીટી અમદાવાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીના લગ્ન પ્રસંગે આયોજીત સત્કાર સમારંભ સંત-હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ઉજવાયો.

૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં હજારો સંત-હરિભક્તોએ ધર્મકુળનું પૂજન-અર્ચન કરી ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવ્યો.

### (ઓગસ્ટ-૨૦૨૪)

૬ શ્રી નરનારાયણદેવના દર્શન કરી વિવિધ હિંડોળાના દર્શન કરી ખૂબ જ રાજી થયા.

૧૧-૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયા કથા પ્રસંગે પધરામણી.

૧૭-૨૦ નાઈરોબી, કેન્યા આફ્રિકા કથા પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

### (જુલાઈ-૨૦૨૪)

૪ થી ૧૩ શ્રી છપૈયાધામ ખાતે લગ્નોત્સવ વિધિ અલ્હાબાદ જાન પ્રસ્થાન પરત છપૈયાધામ.

૧૫ અમદાવાદ મંદિર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા ત્યારે મહંત સ્વામી આદિ સંત-હરિભક્તો દ્વારા ભવ્ય સ્વાગત-પૂજન સંપન્ન થયું. સાંજે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખાતે પારિવારિક સ્નેહીજનોના સત્કાર સમારંભ પ્રસંગમાં ઉપસ્થિત રહ્યા.

૧૬ સમગ્ર સત્સંગ માટે આયોજીત સત્કાર સમારંભ ધામધૂમથી સંપન્ન થયો. સાયન્સ સીટી.

૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં શ્રી નરનારાયણદેવ દેશના હજારો સંત-હરિભક્તોએ ધર્મકુળનું પૂજન અર્ચન કરી ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવ્યો.

૨૩ લગ્નોત્સવ બાદ જેતલપુર દર્શનાર્થે પધાર્યા ત્યારે મંદિરમાં ભવ્ય સ્વાગત-સમૈયુ થયું.

### (ઓગસ્ટ-૨૦૨૪)

શ્રી નરનારાયણદેવના દર્શન કરી વિવિધ હિંડોળાના દર્શન કરવા પધાર્યા.

૧૦ અસારવા શ્રી સહજાનંદ ગુરુકુળ શ્રી હનુમાનજી દાદાના દર્શનાર્થે પધાર્યા.

૧૯ પૂનમની સત્સંગ સભામાં પધરામણી.

૨૭ અમેરિકાના ધર્મપ્રવાસે.

શ્રી સ્વામિનારાયણ

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના

# ॥ શુભ વિવાહ ॥

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**પ્રસ્તાવના :** જગતમાં ધર્મપ્રેમી ભાવિક જનો ગુરુ શોધવા નીકળતા હોય છે. કોઈ વ્યક્તિનો બાહ્ય દેખાવ, ધાર્મિકતાનો પ્રપંચ-આડંબર અને લોકપ્રિયતા જોઈને અંજાઈ જતા હોય છે. પછી તેવી વ્યક્તિને ગુરુ કરીને અંતે પસ્તાતા હોય છે. કેટલાક જનો પોતાના ગુરુને જ ભગવાન માની લઈને વ્યક્તિ પૂજામાં સરકી જતા હોય છે. અને અંતે મહાદુઃખ પામતા હોય છે. ભગવાન બની બેઠેલા ખોટા ગુરુના સંગથી,

**એવા પાપીનો સંગ જેને થાય રે,**<br>
**તેનો પણ જન્મ એળે જાય રે ।**<br>
**કલ્યાણનું તો રહી જાય ક્યાંઈ રે,**<br>
**સામું પડે મહા દુઃખ માંઈ રે ॥**



ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોની સર્વ પ્રકારની સલામતી અને આત્યંતિક કલ્યાણ માટે પોતાની ગાદી ઉપર ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્યોનું સ્થાપન કરીને ત્યાગી-ગૃહી તમામના ગુરુ સ્વયં શોધી આપ્યા છે. શ્રીહરિના વચનનો જેનો વિશ્વાસ હોય એ મહાસુખ માણે, ભૂલા પડેલા મહાદુઃખ પામે. આપણા ગુરુ કેવા છે તો શ્રીહરિ કહે છે,

**એક બ્રાહ્મણને જાણો ભક્ત અતિ,**<br>
**વળી કા'વે અમારુ કુળ ।**<br>
**એને સેવતા સૌ જન તમો,**<br>
**પામશો સુખ અતુળ ॥**

બાઈઓ માત્રના ધર્મગુરુ તરીકે આચાર્ય પત્ની જ હોઈ શકે તેવો સુંદર વિવેક આપણા મૂળ સ્વામિનારાયણ સંપ્રદાય સિવાય અન્ય કોઈ ધર્મોમાં નથી. શ્રીહરિની એ આજ્ઞાને અનુસરીને શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી, શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સુપુત્ર અને એ જ પીઠસ્થાનના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો શુભ લગ્ન સંસ્કાર મહાન તીર્થ

## શ્રી સ્વામિનારાયણ

ભૂમિ પ્રયાગરાજ સ્થિત શ્રીયુત શુકલાજીની આયુષ્યમાન અને લક્ષ્મીજી તુલ્ય ભાગ્યશાળી સુપુત્રી સાથે તા. ૧૧-૦૭-૨૦૨૪, સં. ૨૦૮૦ અષાઢ સુદ-૫ ને ગુરુવારના શુભ દિને ખૂબ ભવ્યતા અને દિવ્યતાથી સંપન્ન થયા.

**લગ્ન પત્રિકા :** તા. ૦૨-૦૭-૨૦૨૪ ના શુભ પ્રભાતમાં શ્રી ગણેશજી અને ઈષ્ટદેવ શ્રીહરિના શુભ સ્મરણ સાથે શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. મહારાજશ્રીએ સત્સંગના લાડીલા લાલની શુભ લગ્નની કંકોત્રી ઉપર કંકુના ચાંદલા કરી તેના પર અક્ષત લગાવીને સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં શુભ પત્રિકા અર્પણ કરીને કંકોત્રી લખવાનો પ્રારંભ કર્યો. શ્રી નરનારાયણદેવે પોતાના જ અર્થાત્ શ્રીહરિના ૮ માં વંશજ એવા પ.પૂ. લાલજી મહારાજશ્રી ઉપર આશીર્વાદનો અભિષેક કર્યો.

તા. ૦૫-૦૭-૨૦૨૪ ના રોજ પ.પૂ. મહારાજશ્રીએ છપૈયા બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ અને દેવોના ચરણકમળમાં લગ્નની શુભપત્રિકા અર્પણ કરી.

**કંકુ ઘોળી લખાવી કંકોતરી,**
**વસે હરિજન દેશ વિદેશ અવસર રૂડો આવિયો,**
**નામ ઠામ ને ગામ લખાવીયા,**
**વળી ઉપમાં લખાવી વિશેષ અવસર રૂડો આવિયો.**


છપિયા બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ કંકોત્રી લેખન

પછી અમદાવાદ ખાતે સત્કાર સમારંભની શુભ પત્રિકા સમગ્ર ધર્મકુળ પરિવાર વતી અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામીએ અમદાવાદ દેશના તમામ મંદિરો અને હરિભક્તોને પહોંચાડાવની વ્યવસ્થા કરી એટલું જ નહિ, વોટસ એપના માધ્યમથી સર્વે ભક્તજનોને જાહેર નિમંત્રણ પાઠવ્યું.

**લગ્ન ગીત :** અમદાવાદ દેશના તમામ મંદિરોમાં બહેનોએ દરરોજ નંદસંતો રચિત વિવાહના પદો ગાયા અને ગોળ, સાકર, પેંડા, ચોકલેટ, સુકોમેવો, મીઠાઈઓ વહેંચીને મો મીઠું કર્યું અને પોતાના પરિવારને કરાવ્યું.

**માનિની તે મળીને મંગળ ગાય રે,**
**ઉછરંગ આનંદ અંગે ન માય રે**
**કુંદનપુર વિવાહ રચ્યો, સૂણી ભૂપતિ ભીમકરાય**
**કન્યા તે દેવા શ્રીકૃષ્ણને,**
**આનંદ ઉર ન સમાય.**

અમદાવાદ મંદિરના ઓચ્છવ મંડળે શ્રી નરનારાયણદેવ સમક્ષ એક દિવસ પ્રસંગને અનુરૂપ કીર્તન ભકિત સાથે ઓચ્છવ કર્યો હતો.

**છપૈયા ધામમાં પૂર્વ તૈયારી :** આ બ્રહ્માંડની સર્વોપરી તીર્થભૂમિ છપૈયા કે જ્યાં ધર્મદેવનું ઘર હતું અને એજ ઘરમાં સર્વાવતારી સર્વોપરી ભગવાન શ્રીહરિનું પ્રાગટ્ય થયેલું અને જે ભૂમિ પર આજે આપણું મંદિર છે એ મંદિરમાં બિરાજમાન દેવોના

સાંનિધ્યમાં જ લગ્નવિધિ પૂર્વેના પ્રસંગો ઉજવવાનું નક્કી થયેલું. સમગ્ર લગ્ન પ્રસંગનું સંપૂર્ણ સુંદર આયોજન પરમપૂજ્ય શ્રીરાજાના માર્ગદર્શન અને તેમની દેખરેખ નીચે સંપન્ન થયું હતું. તેની પૂર્વ તૈયારી માટે તથા પ્રસંગો પુરો થાય ત્યાં સુધી જરૂરી સેવા કરવાના શુભ હેતુથી અમદાવાદના વિવિધ આપણા મંદિરોમાંથી બે બે હરિભક્તો ભાઈઓ-બહેનો અગાઉથી પહોંચી ગયેલા. તા. ૦૩-૦૭-૨૦૨૪ ના રોજ પ.પૂ. મહારાજશ્રી છપૈયા પધાર્યા. તેઓશ્રીની આજ્ઞાસહ માર્ગ-દર્શનથી છપૈયા મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. દેવપ્રકાશદાસજી તથા ધર્મકુળના કૃપાપાત્ર પ.ભ. શ્રી કરશનભાઈ રાઘવાણી અને તેમની સાથે રહેલા પ.ભ. અશ્વિનભાઈ શીરોયા તેમજ તા. ૦૬-૦૭-૨૦૨૪ થી તા. ૧૨-૦૭-૨૦૨૪ સુધી છપૈયા રોકાયેલા કાલુપુર મંદિરના મહંત પૂ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી અને કોઠારી પૂ. શા. સ્વામી નારાયણમુનિદાસજીની દેખરેખ અને સહયોગથી પ્રસંગને અનુરૂપ જરૂરી તમામ તૈયારી અને વ્યવસ્થા થઈ



ગઈ. મંદિર, ઉતારા, નવો સભા હોલ, નારાયણ સરોવર સહિત મંદિરના સમગ્ર સંકુલને લાઈટીંગ ડેકોરેશન, ફુલવેલીથી તથા ૯૦૦ જેટલા ફુલછોડના મોટા કુંડાથી શણગારીને ખૂબ સુશોભિત કરવામાં આવ્યું હતું. એ જ રીતે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામીના માર્ગદર્શનથી અમદાવાદ કાલુપુર મંદિર, હવેલી, સભા મંડપ એમ સમગ્ર સંકુલને શણગારવામાં આવ્યું હતું.

**શ્રી ગણેશ સ્થાપન-પૂજન :** સંત નિવાસની પાછળ નવા હોલમાં વિઘ્ન વિનાયકદેવ શ્રી ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું અને ત્રણ દિવસ સુધી દરરોજ વિધિવત ગણેશ પૂજન કરવામાં આવ્યું. પૂજન વિધિમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને ધર્મકુળ પરિવારની સાથે પ.પૂ. મહારાજશ્રીના બહેન પૂ. બિન્દુરાજાના સુપુત્ર પૂ. સૌમ્યરાજા પણ બિરાજ્યા હતા.

विघ्नेश विघ्न चयखण्डन नाम धेय श्री शङ्करात्मज

सुराधिपवंद्यपाद ।

दुर्गा महाव्रतफला खिलमङ्गलात्मविघ्नं ममापहर

सिद्धि विनायक त्वम् ॥

હે વિઘ્નેશ ! વિઘ્નસમૂહનો નાશ કરવો એ તો આપના મંગળ નામનો જ મહિમા છે. હે શંકરપુત્ર ! તમો દેવાધિપતિ ઈન્દ્રાદિહ વડે વંદનીય ચરણકમળ વાળા છો, પાર્વતીના મહાવ્રતના ફળરૂપ છો અને અખિલ મંગળસ્વરૂપ છો. હે સિદ્ધિવિનાયક ! તમે મારા વિઘ્નને હરો.

હિન્દુ સંસ્કૃતિની આ પાવનકારી વેદોક્ત પરંપરાને ભક્તિભાવ સાથે અનુસરવામાં આવી.

**મહેંદી રસમ અને હલ્દી રસમ :** પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના બહેન-બનેવી તથા ધર્મકુળ પરિવારના તમામ આમંત્રિત મહેમાનો છપૈયામાં પધારી ચૂક્યા હતા. પ્રસંગને અનુરૂપ ધર્મકુળ તથા તિવારીકુળની બહેનોએ મહેંદી રસમ ઉજવી અને સાથે સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીને ત્રણ દિવસ પીઠી ચોળી હલ્દી રસમ ઉજવી. ચંદન હળદરના સુગંધિત લેપથી અર્ચા કરી. બહેનોએ નવા સભા હોલમાં રાસ ગરબા કર્યા.

**તિલક વિધિ તથા દેવ સેવા :** તા. ૦૮-૦૭-૨૦૨૪ ના રોજ પ્રયાગરાજથી શ્રીયુત વેવાઈશ્રી સાથે ૪૦ જેટલા મહેમાનો પધાર્યા હતા. મહેમાનોનું ભવ્ય સમૈયા સાથે અંતરના ઉમળકાથી સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. મંદિરમાં ચારયે બાજુ નવા નવા વસ્ત્રાલંકારો પહેરેલા ગૃહસ્થાશ્રમી મહેમાનોની ભીડ હતી. ચારેય બાજુ ધજા પતાકા અને રોશનીનો ઝાકમ-ઝાળ હતો. બેન્ડવાજા, શરણાઈઓ તથા ઢોલીઓના ઢોલ નગારાનો ધ્વનિ તથા આતશબાજી સૌના અંતરમાં ઉત્સાહ પ્રેરતો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રી નયનરમ્ય રીતે સજ્જ થઈને મંદિરમાં દેવોનું દર્શન કરીને નવનિર્મિત સુંદર શણગારેલા હોલમાં પધાર્યા ત્યારે અત્યંત શોભાયમાન અને તેજસ્વી જણાતા હતા ! અને તેઓશ્રી ઘનશ્યામ મહારાજનું અપર સ્વરૂપ છે એટલે સહેજે તેમાં તેજ હોય જ. બે હોલમાં પ્રસંગ હોવાથી સંપ્રદાયની મર્યાદા સુપેરે જળવાતી હતી. પંડિતોએ અગ્નિની સાક્ષીએ વેદ મંત્રોનું ગાન કર્યું. સમગ્ર ધર્મકુળ પરિવાર અને કુટુંબીજનોના સાંનિધ્યમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીને સુંદર તિલક વિધિ કરવામાં આવ્યો.

આ પ્રસંગે અમદાવાદ, મૂળી અને ભુજથી પધારેલા વિદ્વાન બ્રહ્મનિષ્ઠ અગ્રગણ્ય સંતોએ દેવનું દર્શન કરી. પ.પૂ. લાલજી મહારાજશ્રીને શુભ કામનાઓ પાઠવી હતી. એ પ્રાંતના સાંસદશ્રી, કલેકટરશ્રી તથા ડી.એસ.પી.શ્રી વગેરે રાજકીય મહાનુભાવો અને અધિકારીઓએ પધારીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને શુભેચ્છા પાઠવી હતી.

મંદિરમાં બિરાજીત દેવોને દરરોજ ભારે ભારે વસ્ત્રાલંકારો ધરાવી, તાજા સુગંધિત મોગરા તથા ચમેલીના ફુલહારોથી શણગાર કરી રાજભોગમાં અવનવા વિવિધ મિષ્ટાનોના થાળ કરવામાં આવ્યા હતા.

**બરફી પેંડા ને મોતીયા રે, જલેબી જગદીશ;**
**સુતરફેણી શામળા કરી, દળી ઝીણો અતિપીશ.**
**જમો ગિરધારી રે.**

છપૈયા અને આજુબાજુના ગામડાઓમાં રહેલા સમગ્ર ધર્મકુળને તથા ભક્તિમાતાના કુળને સપરિવાર કુલ ત્રણ વાર અવનવા મિષ્ટાન્ન જમાડીને દરેકને પહેરામણી કરવામાં આવી હતી.



રોશનીથી ઝળહળતું નારાયણ સરોવર છપિયા

**પિતા-પુત્રમાં આનંદનો ઉમળકો :** શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો પ્રસંગને અનુરૂપ નિત નિત નવા વસ્ત્રો પરિધાન કરી સૌનો ઉત્સાહ વધારતા હતા. પ.પૂ. મહારાજશ્રીના જીવનમાં સદાય સહજ આનંદ રહ્યો છે અને તેમાં પણ આ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અરસ-પરસ મિત્ર ભાવે, મુક્ત મને જે ખૂબ જ મધુર હાસ્ય કર્યું હતું, તેનું દર્શન કરવાથી દરેકને અવશ્ય એવો વિચાર આવ્યો હશે કે આવું નિર્દોષ, મધુર અને પ્રેમાળ સ્મિત આ લોકના કોઈ પિતા-પુત્રની જોડીમાં સંભવી શકે નહિ.

**માટે સહુ ધર્મકુળ માનજો, સહુ કરજો એની સેવ ।**
**અન્ય જન જેવા એહ નહિ, એ છે જાણજો મોટા દેવ ॥**

**જાન પ્રસ્થાન :** તા. ૦૮-૦૭-૨૦૨૪ ના રોજ સવારે ૮-૩૦ કલાકે ચાર લકઝરી બસો અને ખૂબ મોટી સંખ્યામાં ફોર વ્હીલ ગાડીઓ સાથે જાન છપૈયાથી પ્રયાણ કરી પ્રયાગરાજ ગઈ હતી. ધર્મકુળ એટલે ધર્મદેવનું કુળ. વર્ષો પહેલા ધર્મદેવની ઈટાર ગામથી સુંદર જાન આવીને છપૈયામાં કૃષ્ણશર્માને ત્યાં ભક્તિદેવી સાથે ધર્મદેવના લગ્ન-વિવાહ ધામધૂમથી થયા હતા. કૃષ્ણશર્માની શુભ ભાવના પૂરી કરવા ધર્મદેવ પછીથી છપૈયામાં જ રહ્યા હતા. અસુરો અને અધર્મીઓના દુઃખથી મુક્તિ મેળવવા પછીથી

અયોધ્યા અને સમયાંતરે પ્રયાગમાં આવેલા. ત્યાં તેઓને ઉદ્ધવજીના અવતાર રામાનંદ સ્વામી મળેલા અને ત્યાં રામાનંદ સ્વામીએ ધર્મદેવને ભક્તિદેવીની સાથે જ ભાગવતી દીક્ષા આપેલી. આજે એજ ધર્મદેવના કુળમાં પ્રગટ થયેલા પ.પૂ. લાલજી મહારાજશ્રીની જાન છપૈયાથી પ્રયાગરાજ આવી છે. સર્વે જાનૈયાના ઉત્સાહ અને આનંદની અવધિ ન હતી. શ્રીહરિના ૮ માં વંશજ અને શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના ભાવિ આચાર્યશ્રીની જાનમાં જવાનો અવસર પ્રાપ્ત થાય એના ભાગ્યનું વર્ણન તો કેમ થઈ શકે ! ધર્મદેવનું કુળ અને ભક્તિદેવીનું કુળ એમ બન્ને કુળમાંથી આમંત્રિત સજ્જનો જાનમાં જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે,

**સાંખ્યયોગી હોઈ બાઈ ભાઈ, તેને જાવું નહિ વિવામાઈ**

શ્રીહરિએ સ્થાપેલી આ મર્યાદા અનુસાર કોઈ ત્યાગી સંતો કે સાંખ્યયોગી બહેનો જાનમાં તથા લગ્નવિધિ પ્રસંગે હાજર હોતા નથી એટલું જ નહિ, ધર્મકુળના સમીપ સંબંધ વિનાના અન્ય ગૃહસ્થજનો પણ ત્યાં હાજર હોતા નથી.

**લગ્નવિધિ તથા ભવ્ય ઇતિહાસના સંસ્મરણો :** પ્રયાગરાજમાં વેવાઈ પક્ષ તરફથી જાનનું સુંદર સ્વાગત થયું. વરઘોડાની તથા લગ્નવિધિની ભવ્યતા અને દિવ્યતાની માત્ર કલ્પના કરવી રહી. વરઘોડો તોરણે જતો હશે ત્યારે આગળ આતશબાજી થતી હશે. બૂંદીયા ઢોલ પીટાઈ રહ્યા હશે અને શરણાઈ વાજા વાજી રહ્યાં હશે.

તા. ૨૫-૦૧-૧૯૯૬ ને ગુરુવારે રાત્રે જ્યારે પ.પૂ. મહારાજશ્રીની ફૈજાબાદ ખાતે લગ્નવિધિ ચાલતી હતી ત્યારે હસ્તમેળાપના સમયે આપણા પેથાપુર સ્વામિનારાયણ મંદિરમાં મધરાતે ૧૫ મિનિટ સુધી બંધ રૂમમાં અને બંધ સ્વીચે આપોઆપ એની મેળે ઈલેક્ટ્રીક નગારા વાગ્યા હતા. એ જોઈને ગ્રામ્યજનો આશ્ચર્ય પામી ગયા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીનો જ્યારે અયોધ્યા ખાતે હનુમાનગઢીમાં ચૌલ સંસ્કાર વિધિ ચાલતો હતો ત્યારે દેવો એ આકાશમાં રહી સુગંધી ચંદન પુષ્પની વૃષ્ટિ કરી હતી. જેના અમી છાંટણા એ સમયે મારા હાથ ઉપર પડ્યા હતા. (અડધી બાંયનું શર્ટ પહેર્યું હતું.) બહેનોના વિભાગમાં મારા માતુશ્રીએ પણ એજ અનુભૂતિની વાત પછીથી મને કરી હતી. ઈતિહાસ એટલા માટે લખ્યો કે પ.પૂ. મહારાજશ્રીના લગ્ન વિધિમાં પણ દેવોએ આકાશમાં રહી ચંદન પુષ્પની વૃષ્ટિ કરી જ હશે એ શ્રદ્ધાનો વિષય છે. શ્રીહરિના મહિમાનો કોઈ પાર પામી શકે નહિ તેમ શ્રીહરિએ જ સ્થાપેલા આ આચાર્ય પદના મહિમાનો પણ કોઈ પાર પામી શકે નહિ અને આ આપણા ભાવિ આચાર્યશ્રીનો લગ્નવિધિ છે.

પ્રયાગરાજમાં લગ્ન નિમિત્તે જે કોઈ મનુષ્યોએ ધર્મકુળનું ભાવથી દર્શન કર્યું અને રાજી થયા તેના પણ ભાગ્ય ખુલી ગયા. કેમ કે શ્રીહરિના શબ્દો છે.



રોશનીથી ઝળહળતું છપિયા મંદિર

**શ્રધ્ધા સહિત સેવા કરે સોઈ રે,**
**વળી રાજી થાશે એને જોઈ રે ।**
**એવા જન જે જે જગમાંય રે,**
**તેની કરવી મારે સહાય રે ॥**
**ધન્ય સખી સુંદર વર પરણે રે,**
**તન મન સોંપી હરિ શરણે રે ।**
**કામ ક્રોધના જવ તલ બાળ્યા રે,**
**સંશય શોક સર્વે તિયા ટાળ્યા રે ॥**

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ વિવાહ પહેલા પણ પોતાનું તન, મન, ધન સત્સંગની સેવા માટે હરિ શરણે કરી રાખ્યું છે અને લગ્ન સંસ્કાર થયા પછી એ જ સમર્પણ રહેવાનું છે.

**બ્રહ્મા ઉચરે વેદ વચન રે,**
**જય જયકાર થયો ત્રિભુવન રે**
**ચારે ફેરા હરિસંગ ફરિયા રે,**
**નારી જગના જીવનને વરિયા રે.**

સુંદર શોભાએ સહિત લગ્ન મંડપમાં વેદોક્ત વિધિથી બ્રાહ્મણોએ અગ્નિની સાક્ષીએ સુંદર રીતે વિધિ પૂર્ણ કર્યો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઈષ્ટદેવની આજ્ઞાનુંસારે ગૃહસ્થાશ્રમની દીક્ષા સ્વીકારી જેથી અમદાવાદ દેશના સ્ત્રી ભક્તોને ભાવિ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી પ્રાપ્ત થયા.

**જાન પરત છપૈયા :** રંગે ચંગે લગ્ન વિધિ પૂર્ણ થયો એટલે જાન પરત છપૈયા મંદિરમાં આવી. મંદિરમાં પ્રવેશતા જ હાજર ત્યાગી અને ગૃહસ્થ જનોએ સ્વાગત કર્યું. નવ દંપતિ ધર્મકુળના કુટુંબના સભ્યો સાથે મંદિરમાં દેવ દર્શનાર્થે પધાર્યા. ઈષ્ટદેવના આશીર્વાદ લીધા. નવદંપતિએ પોતાના માતા પિતા અને દાદા-દાદીના ચરણોમાં જ્યારે ભાવ વિભોર બનીને મસ્તક નમાવ્યા ત્યારે ચારેયના હૈયામાંથી હેતની સરવાણી ઓ ફુટી અને આશીર્વાદ આપ્યા હશે કે, સત્સંગની ખૂબ સેવા કરી અપાર યશ પ્રાપ્ત કરો.

**કહે સુખી રહેજ્યો નરનાર રે, થશે યશ તમારો અપાર રે**

પ.પૂ. વહુજી મહારાજશ્રીનો કેટલો ત્યાગ કે જેઓશ્રીએ ઓઝલમાં છત્રીમાં રહીને આજીવન પર્યંત સત્સંગની સેવા કરવાનું વ્રત લીધું. દુનિયાના કોઈ સંપ્રદાયમાં સ્ત્રી પક્ષે આવો ત્યાગ જોવા મળતો નથી!

**અમદાવાદ અને જેતલપુર મંદિરમાં સ્વાગત :** છપૈયાથી ધર્મકુળ પરિવાર અમદાવાદ આવીને જ્યારે સૌ પ્રથમ આપણા અમદાવાદ મંદિરે દર્શનાર્થે પધાર્યા ત્યારે સ્વાગત માટે ભક્તજનોએ ફુલોની રંગોળી કરી હતી. મંદિરથી હવેલી સુધી બહેનોએ તાજા સુગંધીફુલ પાથરીને પથ બનાવ્યો હતો. ઢોલ વાજા શરણાઈઓના સુમધુર નાદ સાથે પૂ. મહંત સ્વામીએ અને ટ્રસ્ટીશ્રીઓએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને ફુલના હાર પહેરાવી સ્વાગત કર્યું. ત્રણેય સ્વરૂપોએ ત્રણેય દેરામાં આરતી ઉતારી. બાલિકાઓએ મસ્તક પર કળશ ધારણ કરીને હવેલીની આગળ હારબંધ ઉભા રહીને પ.પૂ. વહુજી મહારાજશ્રીનું સ્વાગત કર્યું. સાથે પૂ. શ્રીરાજા પધારેલા. હવેલીમાં બહેનોને લક્ષ્મીજીના ત્રણ-ત્રણ અપર સ્વરૂપોનું દર્શન થયું.

એજ રીતે પ.પૂ. લાલજી મહારાજશ્રી જેતલપુર મંદિરમાં શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજનું દર્શન કરવા પ્રથમવાર પધાર્યા ત્યારે ખૂબજ સુંદર રીતે શણગારેલા મંદિર સંકુલમાં પૂ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી અને મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ભાવભીનું સ્વાગત સન્માન કર્યું હતું. બહેનોના વિભાગમાં પૂ. સાંખ્યયોગી બહેનોએ પ.પૂ.અ.સૌ. વહુજી મહારાજશ્રીનું સ્વાગત સન્માન કર્યું હતું.

**સત્કાર સમારંભ :** તા. ૧૬-૦૭-૨૦૨૪ ના રોજ સાંજના ૫-૦૦ થી ૮-૦૦ વિજ્ઞાન ભવન હોલ સાયન્સસીટી, અમદાવાદ ખાતે સાંપ્રદાયિક મર્યાદા અને રીતિ મુજબ સત્કાર સમારંભનું ભવ્ય સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ. મહારાજશ્રીના માર્ગદર્શનથી અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામીની દેખરેખ તેમજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના સંપૂર્ણ આયોજન અને માર્ગદર્શનથી, પ.પૂ. શ્રીરાજાની દેખરેખ







લગ્ન બાદ સૌ પ્રથમવાર અમદાવાદ મંદિર પધારતા
પ.પૂ.લાલજી મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કરાયું હતું

નીચે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સેવાભાવી ભક્તજનોના સહયોગથી પૂર્વ તૈયારી સહિત સંપૂર્ણ આયોજન સંપન્ન થયું. પ્રવેશદ્વારની બન્ને બાજુ એક એક શ્રી નરનારાયણદેવની પ્રતિકૃતિનું દર્શન થતું હતું. અંદર વૃક્ષ વેલી, કુંડા, ફુલોની રંગોળી, લાઈટીંગ રોશની ડેકોરેશન વગેરે સજાવટ શોભાનો કોઈ પાર નહોતો. સંતો-ભક્તોને બેસવા માટે સોફા આદિક બેઠકની કોઈ કમી નહોતી. ત્રણેય પ.પૂ. લક્ષ્મીસ્વરૂપાશ્રી તથા બહેનોનો વિભાગ અલગ હતો.

શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો પધાર્યા ત્યારે પ.પૂ. લાલજી મહારાજશ્રી ઉપર હજુરી પાર્ષદ શ્રી વનરાજ ભગતે સુશોભિત છત્ર ધારણ કરી રાખ્યું હતું. આવા પ્રસંગોએ હજુરી પાર્ષદોની સેવાની તો વાત જ ન





લગ્ન બાદ સૌ પ્રથમવાર જેતલપુર મંદિર પધારતા
પ.પૂ.લાલજી મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કરાયું હતું



લગ્ન બાદ સૌ પ્રથમવાર અસારવા વીર હનુમાનજીના
દર્શને પધારતા પ.પૂ.લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરાયું હતું

થાય ! ત્રણેય સ્વરૂપો સમય અને પ્રસંગને અનુસારે સફારી સૂટ-બૂટમાં સજ્જ હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૂટની ઉપર વરરાજાને અનુરૂપ ખૂબ સુંદર શેલુ ધારણ કર્યું હતું. સ્વાગત બાદ ત્રણેય સ્વરૂપો સ્ટેજ પર બિરાજ્યા ત્યારે ચરણ સ્પર્શ અને બેસવાનો વિવેક આખી દુનિયાને શીખવા જેવો હતો.

વ્યવસ્થાના એનાઉન્સ મુજબ સૌ પ્રથમ પ.પૂ. શ્રીરાજાએ સ્ટેજ પર આવીને પુષ્પગુચ્છ અર્પણ કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને શુભ કામના પાઠવી. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ ક્રમશઃ ઉભા થઈને પ.પૂ.શ્રીરાજાને અલૌકિક વહાલ કર્યું. જે રીત પણ ખૂબ નિરાળી હતી અને જગતના લોકોને કુટુંબ પરિવારમાં પરસ્પર પ્રીતિનો સંદેશ આપનાર હતી.

પછીથી સૌ પ્રથમ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી, શ્રી નરનારાયણદેવના પૂજારી બ્રહ્મચારી સંતો અને ત્યાર પછી ભુજ, મૂળી વગેરે મંદિર અને દેશના મહંતશ્રીઓ અને બ્રહ્મનિષ્ઠ સંતોએ ફુલના હાર, પુષ્પગુચ્છ વગેરેથી શુભ કામના વ્યક્ત કરી. ભુજના પૂ. મહંત સ્વામીએ ભુજ પ્રાંતના હરિભક્તો વતી સોનાનો હાર પહેરાવ્યો. અમદાવાદ દેશના તમામ ભક્તજનોએ પુષ્પગુચ્છ તથા ચાંદલા ભેટથી શુભ કામના વ્યકત કરી. એ પ્રમાણે બહેનોના વિભાગમાં સમજવું.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત અનેક રાજકીય, સામાજિક, ધાર્મિક મહાનુભાવો તથા વિદેશમાં વસતા એન.આર.આઈ. ભક્તજનોએ રૂબરૂ આવીને તથા કેટલાકે મોબાઈલ તથા પત્રના માધ્યમથી શુભકામના વ્યક્ત કરી હતી.

હજારો ભક્તજનો તથા સજ્જનોએ શુભેચ્છા વ્યક્ત કરીને ચાર મોટા ડોમમાં વિધવિધ મીઠાઈઓ સાથેનો ભોજન પ્રસાદ જમ્યા હતા.

સમગ્ર સમારંભ દરમિયાન સંગીતજ્ઞોની ટીમે સંગીતની સુરાવલીઓ ચાલુ રાખી હતી. અંતમાં હાજર રહેલા સર્વે ભક્તજનોનું અભિવાદન ઝીલતા ઝીલતા શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો વિદાય થયા હતા. અષાઢ મહિનો હોવા છતા મેઘરાજાએ ધર્મકુળની અદબ જાળવી વૃષ્ટિ ન થવા દીધી. પ્રસંગ પુરો થયો ત્યારે અમી છાંટણા થયા.

ધર્મકુળ પ્રેમી ભક્તજનો માટે સત્કાર સમારંભ એક દિવસ માટેનો ઉત્સવ સમૈયો બની રહ્યો.



પ.પૂ.લાલજી મહારાજશ્રીને
શુભેચ્છા પાઠવતા પ.પૂ.શ્રીરાજા

# શુભેચ્છા પાઠવતા સંતો-મહંતો









# શુભેચ્છા પાઠવતા મહાનુભાવો













# શુભેચ્છા પાઠવતા મહાનુભાવો



















# શુભેચ્છા પાઠવતા મહાનુભાવો





પદ્મભૂષણ ડો.તેજસ પટેલ અને આપણા ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) મંદિરના પ્રસિડેન્ટ ડો. કાંતિભાઈ પટેલ સાથે પ.પૂ.મોટા મહારાજશ્રી









# સોહામણી સપ્તપદી

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

આપણા સંપ્રદાયના અને સૌના લાડીલા એવા પ.પૂ. લાલજી મહારાજશ્રી કહેતાં ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો શુભ વિવાહ સંવત ૨૦૮૦ના અષાઢ સુદ પાંચમને ગુરુવાર તારીખ ૧૧-૦૭-૨૦૨૪ ના શુભ દિને સર્વોપરિ છપૈયાધામે ખૂબજ ધામધૂમપૂર્વક સંપન્ન થયો.

વિવાહ પ્રસંગ ધર્મકુળ પરિવાર પૂરતો સિમિત હતો અને સમગ્ર સંપ્રદાયના સર્વે સત્સંગીજનોની આતુરતા અસિમિત હતી ! એટલે સંવત ૨૦૮૦ અષાઢ સુદ-૧૦ તા. ૧૬-૦૭-૨૦૨૪ ને મંગળવારના શુભ મંગળ દિને અમદાવાદ મુકામે એમનું વેડીંગ રિસેપ્શન અર્થાત્ સત્કાર સમારંભ આયોજિત કરવામાં આવ્યો.

સાયન્સ સીટી રોડ ઉપર આવેલા વિશાળ સાયન્સ સીટી સંકુલના વિશાળ એવા વિજ્ઞાન-ભવન હોલમાં (ગેટ નં. ૫) આ ભવ્ય સત્કાર સમારંભ યોજવામાં આવેલો. અમદાવાદ કાળુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી પૂ. શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી) કોઠારીશ્રી મુનિ સ્વામી, પૂ. રામ સ્વામી, પૂ. દિવ્યપ્રકાશ સ્વામી સહિત સર્વે સંતો અને આપણા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ઉત્સાહી યુવા ભાઈ-બહેનોએ ખંભે ખંભા મિલાવી આ સત્કાર સમારંભની ભવ્યતા ઉપર ચાર ચાંદ લગાવી દીધા.

રીસેપ્શન હોલ તો અતિ વિશાળ હતો. પરંતુ આવનારા આટલા બધા સત્સંગીજનો તેમજ આગૂંતુકો અને મહેમાનો માટે ભોજન વ્યવસ્થા પણ અતિ વિશાળ પાયે કરવાની હતી. વિજ્ઞાન ભવન હોલના સાંનિધ્યમાં જ વિશાળ ચાર ડોમ ઉભા કરવામાં આવ્યા અને એમાં ભોજન-પ્રસાદની સુંદર વ્યવસ્થા ઉભી કરવામાં આવી.

એન્ટ્રન્સથી લઈને સત્કાર સમારંભ હોલ સુધીના પેસેજને રંગ બે રંગી અને શ્વેત પુષ્પોથી સરસ રીતે સજાવવામાં આવ્યો. સમારંભ હોલમાં પણ વિશાળ સ્ટેજ ઉભું કરવામાં આવ્યું અને ભાઈ-બહેનોના વિભાગ પ્રમાણે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું. સમગ્ર હોલને સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો.

પ.પૂ. ગાદીવાળાશ્રી, પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી તેમજ, અ.સૌ. પૂ. વહુજી મહારાજ, પૂ.શ્રીરાજા, પૂ. બિંદુરાજા તમામ માટે બહેનોના વિભાગમાં સુંદર વ્યવસ્થા આંખને જચે એવી કરવામાં આવી.

વિશાળ સંપ્રદાયના સર્વે સત્સંગીઓ અને આમંત્રિતોના બહોળા સમુદાયને અનુલક્ષીને પ્રદેશ પ્રમાણે સમય ફાળવવામાં આવ્યો હતો.

| | |
|---|---|
| ભુજ, મૂળી પ્રદેશ | : સાંજે ૫-૦૦ થી ૫-૩૦ |
| બનાસકાંઠા, સાબકાંઠા | : સાંજે ૫-૩૦ થી ૬-૦૦ |
| ઉત્તર ગુજરાત, પંચમહાલ | : સાંજે ૬-૦૦ થી ૭-૦૦ |
| અમદાવાદ, વિદેશ | : સાંજે ૭-૦૦ થી |

આવી વ્યવસ્થા હોવાથી સમગ્ર સમારંભ દરમ્યાન ક્યાંય કશી ભીડ કે કોલાહોલ જોવા મળ્યો

નહિ. પ્રદેશ-સમય પ્રમાણે જે તે પ્રદેશના સત્સંગીઓ એક પછી એક કતારબધ્ધ રીતે સ્ટેજ પ્રતિ આવીને ભાવપૂર્વક પ.પૂ. લાલજી મહારાજશ્રીને શુભેચ્છા પાઠવતા પાઠવતા ખૂબ સરળતાથી ત્રણેય શ્રીહરિના અપર સ્વરૂપના દર્શન કરતાં કરતાં બહાર નીકળી શકતા હતા. શુભેચ્છા-દર્શન કરીને પછી સૌ કોઈ બાજુમાં આવેલા ભોજન-ડોમમાં જતા હતા અને ત્યાં પણ કશીય ભીડ-ભાડ વિના શાંતિથી ભોજનનો સ્વાદ માણી શકતા હતા.

બરાબર ૫-૦૦ વાગ્યે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ સમારંભના સર્વોપરિ એવા પ.પૂ. લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ધીરે ધીરે આવીને સ્ટેજ ઉપર એમની બેઠક ઉપર વિરાજમાન થયા સરસ ફુલસેરો સાથે એમનું સ્વાગત થયું. સમારંભની શરૂઆત માટે સર્વ પ્રથમ પૂ. શ્રીરાજાને આમંત્રિત કરવામાં આવ્યાં. તેઓશ્રી સ્ટેજ મધ્યે પધાર્યા અને પ્રિય ભાઈને પુષ્પગુચ્છ અર્પણ કર્યો. ભાઈએ ઉભા થઈ સ્નેહનો પુષ્પગુચ્છ સ્વીકાર્યો. અને વહાલથી બહેનને આલીંગન આપ્યું. ઢેર સારી શુભેચ્છાઓ અને આભાર વ્યક્તિનું આદાન પ્રદાન થયું. ત્યાર પછી પૂ. પિતાશ્રી અને પૂ. દાદાજી પણ ઉભા થયાં. અને પોતાના વ્હાલસોયા દીકરીને ભેટીને વાત્સલ્યતા વરસાવી. ધર્મકુળ પરિવાર તેમજ બૃહદ સત્સંગ પરિવાર માટે આ સ્નેહ નીતરતી ક્ષણો સાચે જ અદ્ભુત હતી જે અવિસ્મરણીય બની ગઈ !!

પ્રથમ ભૂજ-મૂળી પ્રદેશ હતો એટલે ભૂજ મંદિરના મહંત સ્વામી પૂ. ધર્મનંદન સ્વામી, પૂ. જાદવજી ભગત સહિત બીજા આદરણીય સંતો સ્ટેજ ઉપર આવ્યા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીને પ્રેમપૂર્વક શુભેચ્છા પાઠવી. ત્યાર પછી તો અમદાવાદ દેશ-પ્રદેશમાં આવેલ સર્વે મંદિરોના મહંત સ્વામીઓ તેમજ બીજા સંતો વારાફરતી સ્ટેજ ઉપર આવતા ગયા અને શુભેચ્છા પાઠવતા ગયા.

પ્રદેશ-સમય પ્રમાણે જ આમંત્રિત સત્સંગીઓ તેમ જ મહેમાનો પણ એક પછી એક કતારબધ્ધ આવીને શુભેચ્છાઓ વરસાવતા જાય અને ધર્મકુળના ત્રણેય આચાર્યશ્રીઓના ત્રિવેણી સંગમમાં ભાવવિભોર બની પોતાને ધન્ય માનતા ગયા.

બહેનોના વિભાગમાં પણ આ જ વ્યવસ્થા પ્રમાણે સૌ સત્સંગી બહેનોએ શુભેચ્છા-સહ ત્રિવિભૂતિઓના દર્શન કર્યા.

ભોજન સમારંભની વાત કરીએ તો સત્કાર સમારંભને અનુલક્ષીને મેનુ નક્કી કરવામાં આવ્યું હતું. સૂપ, ચાટ, મેઈન કોર્ષ ડેઝટ અને છેલ્લે સરસ મજાના આઈસ્ક્રીમથી સમાપ્તિ-પ્રત્યેક વ્યંજન સ્વાદિષ્ટ, સાત્વિક અને રૂચિકર હતું. સૌ કોઈએ ભોજનનો ભરપૂર આનંદ માણ્યો !

સાંજના ૫-૦૦ થી ૮-૦૦ વાગ્યા સુધી સમગ્ર ૩ કલાક દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ ત્રણેય સ્વરૂપોએ ખૂબ શાંતિથી મોહક સ્મિત અને સાલસતાપૂર્વક પ્રત્યેક આગંતૂક ને આવકાર્યા હતા.

પ.પૂ. મોટા મહારાજશ્રીની ભાવવાહી આંખો અનાયાસે જ સૌ પ્રત્યે આશીર્વાદ વરસાવતી રહી. તો પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એમના પદની શોભા પ્રમાણે **V.V.I.P, V.I.P.** મહેમાનો તેમજ આપણા નાના મોટા સૌ સત્સંગી આગંતૂકોને ખૂબ ઉમળકાથી અને હરહંમેશની જેમ હસતાં વદને આવકારતા રહ્યા અને પ.પૂ. લાલજી મહારાજશ્રી એમના શાંત, સાલસ અને મૃદુ-ભાષી સ્વભાવ પ્રમાણે મીઠું મધુર સ્મિત વેરીને સૌ કોઈના દિલને જીતી લેતા હતા.





જીવનમાં ક્યારેક જ આવા મહામૂલા-અનમોલ પ્રસંગમાં જવાનું અને નિહાળવાનું થાય. એમાંય આ તો આપણા સંપ્રદાયનો શ્રી નરનારાયણદેવ દેશ ગાદીનો એક અને માત્ર એક એવો મહામૂલો પ્રસંગ હતો. આપણા સત્સંગ માટે એક શુભ ચિન્હ એ છે કે આપણી અત્યારની જે Young Generation છે તે સત્સંગના સંસ્કારોથી તૈયાર થઈ છે. એમનામાં 60+ ઉંમરવાળા વિદ્યમાન સત્સંગીઓની જેમ ઈગો બિલકુલ નથી. વળી સત્સંગને વૈજ્ઞાનિક ઢબે-તર્ક વિતર્કથી સમજીને ગ્રહણ કર્યો છે. એટલે સંપૂર્ણ નિષ્ઠા અને કાર્યદક્ષતાથી સત્સંગની સર્વે પ્રવૃત્તિઓમાં ઉમળકાભેર ભાગ લે છે. માત્ર પ.પૂ. મહારાજશ્રીનાં આદેશ-આજ્ઞા અને સંતોના પ્રેરણા માર્ગદર્શન હેઠળ એમણે આ વિશાળકાય કાર્ય ખૂબ સરસ રીતે પાર પાડ્યું. કોઈપણ મુશ્કેલ કાર્યને સરળતાપૂર્વક કેમ પાર પાડવું એ જોવું હોય તો પ.પૂ. લાલજી મહારાજશ્રીનો આ સત્કાર સમારંભ અવશ્ય યાદ આવી જાય એટલો સુંદર આ પ્રસંગ બની રહ્યો. સંતોનું યોગદાન સર્વ શ્રેષ્ઠ હતું. પછી તે સ્ટેજ વ્યવસ્થા હોય કે ભોજન વ્યવસ્થા. વ્યવહારે મોટા હોય એમને યથાયોગ્ય આવકારવાં તેમજ આટલી વિશાળ સત્સંગ મેદનીને સહજ રીતે હેન્ડલ કરવી એ કોઈ આસાન કાર્ય તો નહોતું જ. મહામૂલા એવા આ સત્કાર સમારંભનું Live Telicate આપણી U-Tube ચેનલથી અથથી ઈતિ સુધી સ્ટ્રીમ લાઈન થતું રહ્યું. જેથી દેશ-વિદેશમાં વસતા અને પ્રસંગમાં ના આવી શક્યા હોય એ સર્વે સત્સંગીઓને પ.પૂ. લાલજી મહારાજશ્રીનાં વેડીંગ રીસેપ્શનની ભવ્યતાનાં (દૂર)દર્શન થયાં.

જ્યાં સર્વોપરી શ્રીહરિ સાક્ષાત્ હાજર હોય ત્યાં બધું જ સરળ, સહજ, સુંદર અને ઉત્કૃષ્ટ જ હોય ને ? ધર્મકુળ પરિવારનો આ પ્રસંગ આપણા સત્સંગનો પણ ''મહા-પ્રસંગ'' હતો. આ પ્રસંગને અને આ સમારંભને સૌ કોઈએ એક સંપ્રદાય-ભાવનાથી અનેરી રીતે માણ્યો.

'વિવાહ' એ સોળ સંસ્કારો પૈકી ખૂબ મહત્વનો અને અતિ પવિત્ર સંસ્કાર છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીની આ સોહામણી સપ્તપદી અતિ રૂડી રીતે અને ઉલ્લાસમય રીતે સંપન્ન થઈ.

# ગુરુપૂર્ણિમા આશીર્વચન 2024



સંકલન :
ગોરધનભાઈ વી. સીતાપરા
(બાપુનગર)



**પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૨૧-૭-૨૪ (કાલુપુર મંદિર) :** આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, આપણા નારાયણવલ્લભ સ્વામીને જેમ આંકડાની બહુ અગત્યતા છે, ૨+૩ ને ૩+૪ એમ દરેક સ્પીચમાં વાત કરતા હોય છે એમ મને દ્રષ્ટાંત ગમે છે એટલે આજે બે-ત્રણ દ્રષ્ટાંત જ આપવા છે.

જ્યારે કોલેજમાં ભણતો હતો ત્યારે ફક્ત બે જ ગાડી મળતી હતી. એમ્બેસેડર અને ફિયાટ. એ પણ નોંધાવી પડે, બુકિંગ કરાવવું પડે. અત્યારે તો ઢગલા બંધ ગાડીઓ મળે છે. **સમજી ગયા ને ?** પ્યુન પણ ગાડી રખે છે કારણ કે હપ્તામાં મળે છે. **અત્યારે ગુરુનું પણ આવું છે. જેટલા જોઈએ તેટલા ઢગલા બંધ મળે છે.**

બીજી વાત, એકવાર બનારસમાં કાશી વિશ્વનાથ મંદિરની સામે જ મારા મામાનું ઘર હતું. મારી ઉંમર નાની હતી અને હું લોબીમા બેઠો હતો. ત્યારે નીચે એક બાવો મોર પીંછનો પંખો લઈને બેઠો હતો. જે દર્શનાર્થી ત્યાંથી પસાર થાય તેને બરડામાં મારે એટલે પેલો પાછળ જુએ. તરત બાવો હાથ લાંબો કરે અને કહે, લાવો પૈસા **આશીર્વાદ આપ્યા, પૈસા આપો. આ તરત જ પૈસાનો એક પ્રકાર.**

બીજો પ્રકાર, એક જૂની વાત છે. અમેરિકામાં એક





હરિભક્તને ઈચ્છા થઈ, આપણા સંતો કાયમ કથા કરે છે, આ વખતે આપણા મંદિરના લાભાર્થે પરોક્ષમાંથી કોઈ એક વિદ્વાન વક્તાને બોલાવીએ. વક્તા નોર્મલ હતા. એમણે કહ્યું કે, ઈન્ડિયામાં તો મારી કથા માટે બે વર્ષ અગાઉ બુંકિંગ કરાવવું પડે છે. પછી હકીકતમાં અહીં ભલે ને કાગડા ઉડતા હોય કથામાં બેસવા. અને હું કાંઈ લેતો નથી. એટલે પેલાભાઈ તો રાજી થઈ ગયા અને કથા કરાવી. કથા પતી પછી કહે, હવે લાવો ૧૦,૦૦૦ ડોલર ! શેના ? હું નથી લેતો પણ આ વાજા વાળાને આપવા પડે ને કે ! અલગ અલગ પેકેજ હોય છે. તમારે નક્કી કરવાનું કે ક્યું પેકેજ સ્યુટ થાય છે ?

ત્રીજી વાત, ૫૦ વર્ષ પહેલા એક સ્પેશીયલ ટ્રેન લઈને અમે નીકળેલા. એક ઈચ્છા હતી કે હરિભક્તો અને સંતોની સાથે સત્સંગમાં છપૈયા વગેરે યાત્રાધામમાં જઈ આવીએ. એ વખતે ટ્રેનમાં બહુ ઓરમાન સુવિધા હતી. જૂના ડબ્બા હોય, પંખા ના હોય, કોઈક લાઈટ ચાલું હોય ને કોઈક બંધ હોય, ગરમીની સિઝન હતી એટલે અમે પણ બહુ હેરાન થયેલા. એક પ્લેટફોર્મ પર મને થયું કે ચાલો, એક લટાર મારી આવું, હરિભક્તોને મળી આવું. નીકળ્યો ને જોયું તો અમૂક હરિભક્તો બાજુની ટ્રેનમાં બારી પાસે બેસી ગયેલા. બારીમાંથી મને જય સ્વામિનારાયણ... જય સ્વામિનારાયણ કહેવા લાગ્યા. મેં કહ્યું, તમે અહીં ક્યાંથી ? તો કહે, આ ટ્રેનમાં પંખા ને લાઈટ ચાલું છે. **મેં કીધું, ઉતરો આ ટ્રેન આપણે જ્યાં જવાનું છે ત્યાં નહીં પહોંચાડે. અને એક વાર જો ઉપડી જશે ને પછી જો ઉતરવાનો પ્રયત્ન કરશો તો ઢીંચણ છોલાઈ જશે, હાથ પગ તૂટશે.** આજના દિવસે આ ત્રણ દ્રષ્ટાંત પૂરતા છે.

**મહારાજને ઓળખાવે એ સાચા ગુરુ હોય છે.** હું જેમ સાબુ ને ટુથપેસ્ટ બદલતો હોઉ એમ ઘણાને ગુરુ બદલવાની ટેવ હોય છે. અમેરિકાથી એક હરિભક્ત બે-ચાર મહિને આવે છે, મારે તેને પૂછવું પડે કે આ વખતે તમારા ક્યા ગુરુ છે ? દર છ મહિને ગુરુ બદલે. વિશેષ મારે કંઈ કહેવું નથી. નરનારાયણદેવની અસીમ કૃપા આપણા સૌના ઉપર ઉતરે એટલું કહીને વિરમું છું.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં ગામો ગામથી, દેશ વિદેશ અનેક જગ્યાએથી દેવના દર્શન કરવા માટે, આજે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે આટલી મોટી સંખ્યામાં જ્યારે હરિભક્તો અને સંતો ગામડે ગામડેથી પધાર્યા છો ત્યારે **ગર્વ થાય છે કે અમદાવાદ દેશની સૌથી મોટી જો કોઈ મૂડી હોય તો એ અરસ-પરસ પ્રેમ અને એકતા છે અને એને જાળવી રાખવાની જવાબદારી આપણા બધાની છે. એ ક્યારે જળવાશે તો જ્યારે આપણું લક્ષ એક હશે. ભગવાનને કઈ રીતે રાજી કરીએ. સત્સંગનો વિકાસ કઈ રીતે કરીએ, એ સમજણ જો બધાની અંદર આવી જશે તો પરસ્પર એકતા, પ્રેમ અને લાગણી છે એ કાયમ માટે જળવાઈ રહેશે.**

**સ્વામિનારાયણ ભગવાને ખૂબ દાખડો કરીને આપણને સત્સંગ આપ્યો છે ત્યારે આપણા બધાની જવાબદારી બને છે કે અનેક વ્યક્તિ સુધી સ્વામિનારાયણ ભગવાનના મૂળ સિધ્ધાંતો ઘેર ઘેર વ્યક્તિ દીઠ પહોંચે. કારણ કે, સ્વામિનારાયણ ભગવાને મોક્ષનો ખૂબ સરળ માર્ગ આપણને બતાવ્યો છે. સાચી ધર્મની રીત સમજાવી છે અને શીખવાડી છે. કંઈ જ Comlication (ગૂંચવાડો) નથી બધુ સહેલું કરીને, થાળીમાં પીરસીને આપ્યું છે. ત્યારે આપણી જવાબદારી થાય છે કે એને આપણા જીવમાં અંતરમાં ઉતારીએ અને સમજીએ. કારણ કે આજના સમયે ગેરમાર્ગે લઈ જનારા ઘણા બધા લોકો છે પણ ભગવાન સાથે જોડાવનારા બહુ ઓછા લોકો મળે છે.**

આપણે કાયમ ભગવાનના થઈને રહીએ. જે સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળ સિધ્ધાંતો આપ્યા છે તે શિક્ષાપત્રીમાં છે, દેશ વિભાગના લેખમાં છે. વચનામૃત આદિક શાસ્ત્રોમાં છે એને મૂકીને ક્યારેય ક્યાંય ન જઈએ અને એનું બળ ભગવાન આપણને આપે. ભજન ભક્તિ, નિષ્ઠા, દેવ પ્રત્યેની શ્રધ્ધા અને વફાદારી આપણા જીવનમાં સદાય રહે અને કાયમ માટે વધતી રહે એ જ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. મહારાજશ્રી :** હમણા જ બાપજીએ વાત કરી, ટ્રેનમાં ડબ્બાની. મને ગમી કે પંખા જોઈને બેસી ગયા.



બાપજીએ કહ્યું, ખોટી જગ્યાએ બેસી ગયા છો, ઉતરો. હું હોઉ ને તો એવું કહું, જવા દો, જાવ જે પંખાનો સ્વાદ ચાખી જાય ને એને પછી ન રાખવો સારો. ભલે ભટકાય, ઉપરથી એન્જિન વાળાને કહી દઈએ કે વહેલો ઉપાડ, ડબલ એન્જિન લગાવ. કેમ કે ચાખેલું હોય ને એમાં પછી ફેર નથી પડવાનો. મહારાજે કીધું છે, કિડીયારાનો રોગ થયો હોય તો પછી એ અંગ કાપી નાખવું. અમૂક વાર કઠણ પડે છે. બાપજી ધ્યાન વધારે રાખે છે પણ હું તો એમ જ કહું કે ઉતારશો નહી, બે તકિયા વધારે આપો, પંખાની સ્પીડ વધારો, જાવ ! જ્યાં જવું હોય ત્યાં જાય. આપણને તો નડતા મટે. **મહારાજે કીધુ ને કે સત્સંગમાં રહેલો કુસંગ નુકસાન કરે છે એના કરતા ના હોય એ સારો.**

હમણા પી.પી. સ્વામીએ અને બીજા સંતોએ વાત કરી દેશ વિભાગના લેખની. સંપ્રદાયનું બંધારણ છે. એમાં મહારાજે બધું કહી દીધું છે. એટલે હું એવું માનું છું કે એક વસ્તુ મને જરાય નથી ગામતી. **Seriously** કહું છું કે ઘણા આવતા હોય છે ને કહેતા હોય છે કે અમે દેવ અને આચાર્યની આજ્ઞામાં વર્તીએ છીએ. ના રહેશો અમારી આજ્ઞામાં, બધી આજ્ઞા દેવની જ છે. અમારે કઈ આજ્ઞામાં રહેવાનું છે ? મેં હજાર વાર કીધું છે કે બસો સાડાબાર શ્લોક કોઈએ કર્યા નથી.



ભઈ ! બંધ કરોને કાં પાછળ જતા રહો. (મોબાઈલમાં વાત કરવી હોય તો) આવડો મોટો ચાંદલો કરીને ! (વિવેક-મર્યાદાની આવશ્યકતા) દુનિયામાં કંઈ અટકવાનું નથી. હાલ્યા જ કરવાનુ છે. આ તો નરકનું દ્વાર છે (મોબાઈલ) જોક્સ કરું છું. ચિંતા ન કરતો. છોકરો ડાહ્યો છે. આ તો મારા કાન ચારેય બાજુથી સાંભળે છે. એટલે તકલીફ પડે છે.

પી.પી. સ્વામીએ કહ્યું, બોંબ ફુટે છે. કંઈ થવાનું નથી. આપણા ઘરમાં ક્યાં ફૂટે છે ? એના ઘરમાં ત્યાં ને ત્યાં જ ફુટે છે. એ બોંબ ઈન્ડિયા સુધી આવી શકે એમ જ નથી. તમને ખબર છે ? એ બોંબ છે કે નથી એય નક્કી નથી. શીરો લાપસી નીકળે. આ સાયન્ટીફીક છે. તમે જોજો, જાણજો એની મિસાઈલની રેંજ જ નથી. જ્યાં ખાવાના બે રોટલા ના હોય ત્યાં મિસાઈલ ના બની શકે. જવા દો ને એ વાત ! આપણી બોર્ડરની અંદર આવી શકે તેમ નથી એટલે આપણે કંઈ ચિંતા કરવાની નથી.

**અગત્યની વસ્તુ એ છે કે દેવે જે પણ મર્યાદા રાખવાની સિદ્ધાંત રાખવાની વાત કરી છે એ દેશ વિભાગના લેખમાં ગણો, શિક્ષાપત્રીમાં ગણો કે સત્સંગિજીવનમાં ગણો કે પ્રસાદીના પત્રોમાં ગણો, બધી જગ્યાએ મહારાજે બહુ જ સ્પષ્ટ કહી દીધુ છે.** પછી ખબર નહી આ ક્યાંથી કોણે નવુ ભૂત શરૂ કર્યુ છે ! પણ છે હમણાનું જ, લેટેસ્ટ છે. અમે દેવ અને આચાર્યની આજ્ઞામાં વર્તીએ છીએ. મને તો સમજણ જ નથી પડતી. મહારાજે બધુ જ કહી દીધું છે. આપણે ક્યાં કંઈ નવું કરવાનું છે ? **દેવના થઈને રહીએ એમાં બધું જ આવી ગયું. ભગવાનના થઈને રહીએ એનાથી કોઈ વધારે પ્રાપ્તિ નથી. દુનિયામાં એવું હું માનું છું.** બાકી આપણે ગમે તેટલા ડબ્બા ફેરવીએ તો એ તો ફેરવવાના જ છે આખી જિંદગી. **જેનો છેડો ભગવાનમાં આવતો હોય એ લક્ષ્ય હોવું જોઈએ.**

તમે સૌ આજે અહીં એકત્રિત થયા છો. લાલજી મહારાજશ્રીના પ્રસંગમાં આવ્યા હતા બધા હરિભક્તો. તો **આપણો આ સંપ્રદાય છે એ આપણો પરિવાર છે એટલા માટે થઈને ભેગા થવાય છે અને એનો આનંદ છે.** એનાથી એક બીજા પ્રત્યે અરસ-પરસ હેત અને લાગણી જાગે છે. કોઈ સંતો કે હરિભક્તો કડક થઈને અધિકારથી કહેતા હોય તો એને મમત્વ હોય છે. **મમત્વ વગર અધિકાર આવી શકતો નથી.**

**આપણે ભાગ્યશાળી છીએ કે આ દેવના દરબારમાં, પવિત્ર ભૂમિમાં કે જ્યાં સંપ્રદાયની નીડ મુકાયેલી છે. પાયાની શરૂઆત થઈ છે એ ભૂમિ ઉપર આપણે નરનારાયણદેવના સાંનિધ્યમાં બિરાજમાન છીએ. એના થઈને રહેવાનું છે. બીજું કંઈ કરવાનું નથી. બીજું બધું ભગવાન કરે જ છે.**

ગુરુ....ગુરુ...... પણ ગુરુ શબ્દ તો હવે ગરીબ થઈ

ગયો છે. મને ગમતું પણ નથી. બાપજી કહે, આજે ઢગલા બંધ ગુરુ નીકળે છે. જેને ગુરુ થવું હોય એ થાય પણ **આપણે તો એક જ ગુરુ છે અને એ છે સામે બેઠા એ નરનારાયણદેવ. (ભગવાન તો આખા જગતના ગુરુ છે જ પણ એ જ ભગવાને સ્થાપેલી ધર્મવંશી આચાર્ય પરંપરામાં આપશ્રી અમોને ગુરુ તરીકે મળ્યા છો. જે સાંપ્રદાયિક સર્વ શાસ્ત્ર પ્રમાણે વાત છે પરંતુ આપશ્રીની એ મહાનતા છે કે આચાર્ય પદનો મહિમા પણ આપશ્રી આપના મુખેથી ક્યારેય કહેતા નથી) આપણે ક્યાંય જવાની જરૂર નથી. કારણ કે અહિંયાની એક રજકણ લેશો ને, હરિભક્તો જ્યાં બેઠા છે કે એના પગ જ્યાં પડ્યા છે એના નીચેની એક ચરણની રજ લેશો તો પણ જીવનું કલ્યાણ થઈ જાય છે. કેમ કે એ નરનારાયણદેવનું દર્શન કરવા આવેલા છે. આ વાસ્તવિકતા કહું છું. આ દેવના મહિમાની વાત છે અને એ સાચો મહિમા છે. ઉંઠા ભણાવવાનો મહિમા નથી કહેતો. એ ખુમારીની વાત છે.**

દતાત્રેયે ૨૪ ગુરુ કર્યા. હું તો ૨૪૦૦ થી વધારે રાખું છું. **દરેકમાંથી ગુણ બુદ્ધિ રાખવાની છે.** બાકી, જેને ગુરુ બનવું હોય એને મેઈન્ટેનન્સ બહુ રાખવું પડેછે. બહુ સાચવવા પડે બધાને. કેમ છે ? બરોબર છે ? ખાધું ? ના ખાધું ? પંખાની નીચે જાય એનેય સાચવવા પડે. એ બધુ માથાનો દુઃખાવો છે. આપણે એમનમ લાગણી છે હેત છે. સંતો-હરિભક્તો પ્રત્યે લાગણીને મમત્વ વધુ રહે, ખાસ કરીને **આ દેવ છે એની પરંપરા હશે તો વાતાવરણ અને સિદ્ધાંત આવશે અને એ ખાસ જરૂરી છે. એ વાતાવરણ, સિદ્ધાંત અને પક્ષ આ બધી વસ્તુ માણસને ખુમારી આપે છે. હું બોલતો હોઉં ને બોલી શકું છું એનું કારણ આ દેવની ખુમારી છે. દેવના થઈને રહે એને બીક ના હોય, એ નિર્ભય હોય છે.** બાકી ભલભલા બંદુક લઈને ઉભા હોય કે બંદુક ટીંગાડીને આમ ફરતા હોય એ મહા ભયભીત માણસ હોય છે. અમુક સાધુય બંધુક રાખતા હોય, બે માણસ પાછળ ફરતા હોય ! ભઈ ! કોણ તને મારી નાખવાનું છે ? તને મારીનેય શું કરવાના છે ? **સાધુ થયા પછી મરવાની શું ચિંતા છે ? જે માણસે ત્યાગ કર્યો છે એ પછી Civic Death કહેવાય છે. આ વાસ્તવિકતા છે. એમાંય આપણા સંપ્રદાયમાં કોઈ સાધુ બંધુક રાખતા હોય તો તો ભયંકર કહેવાય. વસ્તુ એટલી છે કે નિર્ભયતા એ ભગવાનના ચરણો સિવાય દુનિયામાં ક્યાંય નથી. મને ખુમારી છે. હું નિર્ભય છું. કાલે દેહ પડી જાય તો ચિંતા નથી. કારણકે દેવ સાથે નજર મેળવવાની ત્રેવડ છે, તાકાત છે.**

આ નરનારાયણદેવના દરબારમાં પ્રાંગણમાં સંતો છે, હરિભક્તો છે, બહેનો છે, કેટલાક ઉભા છે એ બધા નિષ્ઠાવાળા છે. એટલે બધા આવ્યા છો. **અહીં કોઈ ચમત્કાર નથી, નાટક ચેટક નથી, બિઝનેસ કરતા નથી. જે છે એ સામે આ ભગવાન છે બસ.** બીજે સંપ્રદાયના નામે બધું ચાલતું હોય તો ચાલવા દેવું. પંખાની હવા ખાવી હોય એને થોડીક હવા વધારે આપવી. **મને તો મોટા માતુશ્રી દાદી-અમ્માની જે ખુમારી હતી એ મારા કારણ શરીરમાં છે. હવેલીમાં જાતભાતના પ્રાણીઓ આવે એટલે અમારા મોટા માતુશ્રી પગ ઉંચા લઈ લે, કહે, પગે અડીને અમને અભડાવશો નહી.** તે વખતના સાંખ્યયોગી બહેનો કહેતા, આવું કરશો તો કોઈ આવશે નહી. **ત્યારે તેઓ કહેતા કે આ તો નરનારાયણદેવનો દરબાર છે. અહીં માણસો ક્યારેય ઓછા હતા નહી, ઓછા થયા નથી અને થશે નહી. તમે કલ્પના કરો, આજે અમે તો આ વાતાવરણમાં ઉછર્યા છીએ, પણ જે લગ્ન કરીને આવે છે, આચાર્યના પત્નિ હોય કે એના પછી વહુજી હોય એ તો આખા જુદા વાતાવરણમાંથી આવે છે. અને તેઓમાં પણ જો દેવની નિષ્ઠાની પરિપક્વતા હોય, જો એટલી ખુમારી હોય તો આપણામાં કેમ ન આવે ? આ બહુ સુક્ષ્મ સમજવાની વાત છે. ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે. એટલે ખુમારી રાખવી, મઝા કરવી. એની ખુમારીનો પારો જે દિવસે ઓછો થયો એ દિવસે બધા વાયરસ પેસે છે. આ વાસ્તવિકતા છે. સિદ્ધાંત ઝાલીને બેસવાનું છે. સિદ્ધાંત છે, પરંપરા છે તો દુનિયા છે અને એ જ વસ્તુ દીકરા-દીકરીઓને આપવાની છે. આપશો તો પરિવાર સુખી થશે.**

રાંઢવું બાંધવું રહેવા દો. (વ્યવસ્થાના ભાગ રૂપે રાંઢવું બંધાતું જોઈને) હરિભક્તો બહુ સારા છે. **શિક્ષાપત્રીમાં મહારાજે રાંઢવું બાંધી દીધું છે.** પ્રસાદ લઈને જજો, દર્શન કરીને જજો. ભગવાનના થઈને રહેજો. મહારાજ આપ સૌને અને આપના પરિવારને ખૂબ સુખિયા કરે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી

**જુલાઈ-૨૦૨૪**

| | |
|---|---|
| તા. ૧૭-૦૭-૨૦૨૪ | પ.ભ.શ્રી મનજી શિવજી હિરાણી - હ્યુસ્ટન |
| તા. ૨૧-૦૭-૨૦૨૪ | પ.ભ.શ્રી જનકકુમાર ગોકળદાસ પટેલ - લવારપુરવાળા |

**ઓગસ્ટ-૨૦૨૪**

| | |
|---|---|
| તા. ૦૭-૦૮-૨૦૨૪ | મહિલા મંડળ, કાલુપુર મંદિર હવેલી અમદાવાદ |
| તા. ૧૧-૦૮-૨૦૨૪ | (સવારે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ, સાબરમતી તથા માણસા |
| ૮ | (૧૧ કલાકે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - મહાદેવનગર-વસ્ત્રાલ |
| તા. ૧૫-૦૮-૨૦૨૪ | સત્સંગ સમાજ શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર - હ. મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા હસમુખભાઈ અર્જુનભાઈ પોરીયા - હિંમતનગર. |
| તા. ૧૮-૦૮-૨૦૨૪ | મહિલા મંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું - દરબારગઢ - મોરબી - હ. સાંખ્યયોગી રાજકુંવરબા તથા સાંખ્યયોગી ઉષાબા. |
| તા. ૧૯-૦૮-૨૦૨૪ | પ.ભ.શ્રી મીનાબેન તેજેન્દ્રભાઈ પટેલ - મોખાસણ-યુ.એસ.એ. |
| તા. ૨૪-૦૮-૨૦૨૪ | પ.ભ.શ્રી પંકજભાઈ કાળીદાસભાઈ પટેલ - ડાંગરવાવાળા - હા. રાણીપ. |
| તા. ૨૫-૦૮-૨૦૨૪ | પ.ભ.શ્રી ગણપતભાઈ ગંગારામભાઈ પટેલ - સંકલ્પ પુરો થયો તે નિમિત્તે - પંઢરપુરવાળા - મેમનગર. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-ઓગસ્ટ-૨૦૨૪

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ.શ્રી પ્રાણજીવનભાઈ - બાવરવા મોરબી - પ્રે. સાંખ્યયોગી રાજકુંવરબા તથા સાંખ્યયોગી ઉષાબા - દરબારગઢ - મોરબી |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com















SWEET
SWEET





# ॥ ભક્તિસુધા ॥

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ‘‘પાપકર્મની શરૂઆત ક્યારે થાય છે ?’’**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આજે પાપમોચની એકાદશી છે. પાપ એટલે શું ? સામાન્ય રીતે જોઈએ તો બધાને ખબર છે કે જેટલા પણ ખરાબ કર્મો છે તેને પાપ કહેવાય. તેને વિગતથી જોઈએ તો જે બધા તામસી કર્મો છે, જે કાર્યો ધર્મથી વિરૂદ્ધ કરવામાં આવે છે, અમુક કાર્યો નીતિ નિયમોથી વિરૂદ્ધ કરવામાં આવે છે. અને મન, વચન, કર્મથી કોઈને પણ દુઃખ પહોંચે એવા કર્મો કરવામાં આવે તેવા બધા કર્મોને પાપકર્મ તરીકે ઓળખવામાં આવે છે. અને **સૌથી મહત્વનું તો એ છે કે જે કાર્ય કર્યા પછી તમને એવું થાય કે કોઈને ખબર પડશે તો શું થશે ? તો પછી સમજી લેવાનું કે એ ખોટું જ છે.** તો કોઈપણ કાર્ય કરો એ વિવેક અને બુદ્ધિથી વિચારીને જ કરવાનું. અને જે સત્કાર્યો હોય છે. એ કરતા પહેલા પણ વિચાર કરવાનો. દા.ત. ‘દાન’ જેવા સત્કાર્યો પણ વિચારીને કરવા. ‘દાન’ કરવાનું હોય તો પણ સુપાત્રને કરવાનું. આપણને એવું લાગે કે આપણે પુણ્ય કર્મ જ કરીએ છીએ ને, પણ તમને જે પુણ્ય પ્રાપ્ત થાય છે, એ આંશિક રીતે જેને તમે ‘દાન’ આપો છો એ વ્યક્તિ એ દાનની વપરાશ કેવી રીતે કરે છે એના ઉપર નિર્ભર છે. તમે આપેલી વસ્તુ કે ‘ધન’ ક્યાં કેવી રીતે વપરાય છે એના તમે આડકતરી રીતે ભાગીદાર થઈ જાવ છો. અહિંયા ફક્ત સમજવા માટે લઈએ છીએ, ધારો કે કોઈ તામસી વ્યક્તિએ તમારી પાસે બહુ જ માગણી કરી અને તમે તેમને પૈસા આવી દીધા ને તેમાંથી એણે હથિયારની ખરીદી કરી અને તે હથિયારની મદદથી કોઈને ઈજા પહોંચાડી અથવા તો મારી નાખ્યું. તો તમે પણ અજાણના આંશિક રીતે તે પાપના ભાગીદાર થઈ જાવ છો. કેમ કે ? એ હથિયાર એને તમારા ધનથી લીધું. એવી જ રીતે તમે જેને ‘દાન’ કરો એ વ્યક્તિ રાજસી પ્રકૃતિવાળી હશે તો તે વસ્તુ કે ધન પોતાની સુખ-સુવિધા માટે વાપરશે. તો એનું ફળ તમને રાજસી મળશે. એવી રીતે સાત્વિક પ્રકૃત્તિવાળાને ‘દાન’ કરશો તો એ વ્યક્તિ એનો સાત્વિક ઉપયોગ કરશે, અને એનું ફળ પણ સાત્વિક મળશે. અને **માત્ર ‘ભગવદ્‌પ્રાપ્તિ માટે જ ‘દાન’ કરશો તો એનું ફળ પણ ‘ભગવદ્ પ્રાપ્તિ’ થશે.** જેમ વરસાદનું પાણી હોય છે. એ કેવા પાત્રમાં પડે છે. એ પ્રમાણે એની પ્રકૃતિ થાય છે. સમુદ્રના પાણીમાં પડશે તો સમુદ્રના પાણી જેવું થશે. નદીમાં પડશે તો નદીના પાણી જેવું થશે. અને ગટરના પાણીમાં પડશે તો ગટરના પાણી જેવું થશે. **અર્થાત્ કરેલા દાનનું ફળ પાત્રતા ઉપર નિર્ભર છે. માટે કોઈપણ કાર્ય કરતા પહેલા દસ વખત વિચારીને કરો. પાપ અને પુણ્યની ‘પરિભાષા’ પરિસ્થિતિ પ્રમાણે બદલાય છે.** ક્રોધ કરવો, અસત્ય બોલવું એ બધું પણ ખોટું જ કહેવાય.



પ.પૂ.વહુજી મહારાજના સ્વાગત માટે હવેલીમાં સજાવટ

પરંતુ બહુ ‘સત્યવાદી’ થવા જઈએ છીએ તો પણ ઝઘડા થઈ જાય છે. તો સત્યની વ્યાખ્યા શું ? સત્ય કોને કહેવાય? તે પણ સમજવું પડે. કોઈનું કાંઈ ‘અહિત’ કરવા માટે બોલવું એ તો ‘મહાપાપ’ છે. પણ એવું સત્ય વચન પણ ના બોલાય કે બીજાને દુઃખ પહોંચે. હવે ક્રોધને જોઈએ તો અમુક જગ્યાએ ક્રોધ જરૂરી હોય છે. એમાં દોષ નથી લાગતો. કોઈનું સારુ કરવા માટે ક્રોધ કરવો પડે. પણ એ ક્રોધ એવો હોવો જોઈએ કે એનાથી તમારા અંતરમાં કાંઈ ફેરફાર ન થવો જોઈએ. અર્થાત્ સામેની વ્યક્તિ માટે દ્વેષભાવ ન થવો જોઈએ

અને તમારા અંદર અકળામણ પણ ના થવી જોઈએ. તો એવો ક્રોધ એ ગુનો નથી. કેમ કે ? એ સામેવાળા ના હિત માટે કરવામાં આવ્યો હતો. અને હવે જોઈએ કે **પાપકર્મની શરૂઆત ક્યાંથી થાય છે ? તો જ્યારે 'ભગવત્ સ્મરણ' વિસરાઈ જાય છે ત્યારે થાય છે.** અને 'ભગવદ્ સ્મરણ' ક્યારે વિસરાય છે. તો પોતાની અંદર 'દેહભાવ'આવી જાય છે. ત્યારે દેહાધ્યાસની ભાવના સુદૃઢ થઈ જાય છે. ત્યારે જગતમાં 'મમત્વ' આવી જાય છે. અને તેના લીધે આપણા અંદર કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષા આ બધું પ્રબળ થઈ જાય છે. માત્ર જગત સંબંધી જ બધી વિચારણા ચાલુ થઈ જાય છે. માણસ જગતમાં સુખ શોધવાનું ચાલુ કરી દે છે અને તેની તૃપ્તિ જ નથી થતી. આમ માણસ જગતનું ક્ષણિક સુખ લેવા પાછળ દોડે છે. તો બધી વસ્તુની ઈચ્છા જાગૃત થાય છે. આમ જગત સંબંધી વસ્તુની આસક્તિ વધતી જ જાય છે. અને એનાથી વિરૂદ્ધ **ભગવાનના ચરણમાં જોડાઈ જાવ તો 'દેહાધ્યાસ' ધીમે ધીમ ભૂલાઈ જાય છે.** તો આપણાથી 'પાપકર્મ' કે કાંઈ ખોટું કર્મ થઈ જાય છે અને ખબર પડે છે કે ખોટું હતું તો તેને દૂર કરવાનો ઉપાય શું ? સૌથી સારો ઉપાય છે સાચા દિલથી પસ્તાવો કરવાનો. અને જો બધાની વચ્ચે આપણી ભૂલ સ્વીકારાઈ જાય તો એ સૌથી વધારે સારુ છે. પણ એના માટે પણ તાકાત જોઈએ. **બધાની વચ્ચે પોતાની ભૂલને સ્વીકારવાની, પોતાની ભૂલ પર પસ્તાવો કરવાનો. પણ એવી 'પ્રતિજ્ઞા' સાથે કે હું ફરીથી આ ભૂલ નહિ કરું. 'પ્રતિજ્ઞા' ખૂબ જરૂરી છે.** જ્યારે આમ સાચા હૃદયથી પસ્તાવો થાય તો ભગવાન માફ કરી દે છે. ભગવાન બહુ દયાળુ છે. તમારા દીકરા-દીકરી હોય અને કાંઈ ખોટુ કરે તો તમે ખિજાશો મારશો પણ તેના પ્રત્યે ક્યારેય તમારા અંદર દ્વેષભાવના નહિ જાગે. તમારા દીકરા-દીકરીને તમે સજા કરશો ને એ જેટલું રડશે એનાથી ડબલ તમે રડશો. કોઈ નથી ઈચ્છતું કે પોતાના દીકરા-દીકરીની આંખમાં આંસુ આવે, પણ એના સારા માટે સજા કરવી પડે છે. અને જો તમે સજા કરશો તો ભવિષ્યમાં એનાથી ભૂલ નહિ થાય. અને ભૂલ કરવા જશે તો એકવાર તો તમારા દ્વારા આપેલી સજા યાદ આવી જશે. પરિણામે ભૂલ કરતા અટકી જશે. પોતાના સંતાનને માતા જેટલો પ્રેમ કરે છે એટલો પ્રેમ આ જગતમાં કોઈ કરતું નથી. **ભગવાનના હૃદયમાં તો અનંત માતાઓનો પ્રેમ છે. પરમાત્માને આપણા પ્રત્યે જે પ્રેમ છે તે 'શુદ્ધ પ્રેમ' છે. એની તુલનામાં માતાનો પ્રેમ પણ આવે નહિ. પોતાના દરેક ભક્તને દરેક જીવને પરમાત્મા એવો જ પ્રેમ કરે છે. કારણ કે એ અંશ છે. અને આપણે તેમના અંશી છીએ. ભગવાન પણ આપણને કાંઈ સજા કરે તો આપણને સમજાવવા માટે કરે છે.** આપણે કાંઈક ખોટું કર્યું હશે તો એટલું ભોગવવાનું આવે છે. ખોટું થઈ જાય તેનું પ્રાયશ્ચિત કરી લેવાનું ને ફરીવાર ખોટું ન થાય તેનું ધ્યાન રાખવાનું. બને ત્યાં સુધી આપણું 'અંતઃકરણ' ભગવાન સંબંધી ક્રિયામાં વાપરવાનું. અંતઃકરણમાં 'મન' 'બુદ્ધિ', 'ચિત્ત' અને 'અહંકાર' આવે છે. મનનું કાર્ય સંકલ્પ-વિકલ્પ કરવાનું છે. મન જેટલા સંકલ્પ-વિકલ્પ જગત સંબંધી કરશે એટલું મન અશુદ્ધ થશે. અને જેટલા ભગવાન સંબંધી સંકલ્પ-વિકલ્પ કરશે એટલા પ્રમાણમાં શુધ્ધ થશે. પછી બુદ્ધિનું કાર્ય નિશ્ચય કરવાનું છે. બુદ્ધિ જગતનો નિશ્ચય કરશે એટલી બુદ્ધિ પવિત્ર થશે. એવી રીતે ચિત્તનું કાર્ય ચિંતવન કરવાનું છે. ચિત્ત ભગવાન સંબંધી ચિંતવન કરશે એટલું



શુધ્ધ થશે. અને જગત સંબંધી ચિંતવન કરશે એટલું અશુદ્ધ થશે. એવી રીતે જ્યારે 'રૂપ', 'ધન', 'સત્તા', 'કુળ', 'વિદ્વતા' આ બધાનો અહમ્ આવે છે તો અહંકાર અશુધ્ધ થાય છે. અને 'હું ભગવાનનો દાસ છુ' એવું ગુમાન રહે છે. તો અહંકાર શુધ્ધ કહેવાય છે. એવી રીતે ઈન્દ્રિયોનું પણ છે. ઈન્દ્રિયો જગત સંબંધી કાર્યમાં વાપરશો તો તમને ખબર પડે છે કે હું બંધનમાં બંધાઈ રહી છું. તૃષ્ણાઓ, આશાઓ આપણને જગતમાં ફસાવે છે. ને આપણે ફસાતા જઈએ છીએ. બંધન મજબૂત થતું જાય છે. આપણે એ બંધનને મજબૂત નથી કરવાનું ઢીલું કરવાનું છે. એવા પ્રયત્નો કરવાના છે. પહેલાથી બંધનમાં જ છીએ. બંધાયેલા જ છીએ. **તો બંધનમાંથી છૂટવા માટે મનને નિયંત્રણમાં રાખશો તો લક્ષ્ય સુધી પહોંચાશે.** મનને નિયંત્રણમાં રાખવું એટલે જેવી રીતે આપણે ગાડી ચલાવતા હોઈએ તો ગાડી ક્યાં ફુલ સ્પીડમાં ચલાવવી, ક્યાં બ્રેક લગાવવી, ક્યાં ધીમી ચલાવવી, કેવી રીતે વળાંક લેવો, ક્યાં નથી વળવાનું તે બધું આવડવું જોઈએ. એવી રીતે મનને નિયંત્રણમાં રાખવા માટે જ્યારે સંકલ્પ-વિકલ્પ મનમાં આવે ત્યારે ક્યાં બ્રેક લગાવીને રોકી દેવાના, ક્યાં એ વિચારોને બીજી બાજુ વાળી દેવાના, સાત્વિક વિચારો આવે તો તેની ગતિ વધારી દેવાની એ રીતે ખૂબ અભ્યાસ કરવો પડે છે. કોઈએ તમને કીધું કે તમે ત્યાં જતા રહો ત્યાં સારું છે. તો તમે ત્યાં જતા રહ્યા તો લક્ષ્યથી ભટકી જવાય છે. આપણું લક્ષ્ય શું છે ? તે બધાને ખબર જ છે. હવે મારે વધારે કાંઈ કહેવું નથી. પણ તમને બધાને પૂછવું છે કે તમે બધા આટલા સમયથી સભામાં આવો છો તો આ સભાના માધ્યમથી તમારામાં શું પરિવર્તન આવ્યું ? અથવા તમને શું લાભ થયો ? એના વિષે જણાવો. અને તમને બધાને શ્રી નરનારાયણદેવનો કોઈ પરચો મળ્યો હોય તો એ પરચા વિષે બોલો. મારા માટે તો સૌથી મોટામાં મોટો પરચો એજ છે કે **આખા બ્રહ્માંડની આ પવિત્ર ભૂમિમાં અલગ અલગ પ્રાંતમાંથી આવીને ભેગા બેસીને અહિંયા સત્સંગ કરીએ છીએ.** હું ક્યાંથી આવી, આ સાંખ્યયોગી બહેનોના વતન ક્યાં ક્યાં છે. તમે બધા પણ ક્યાંથી દૂર દૂરથી અલગ-અલગ જગ્યાએથી આવ્યા હશો. **તો આપણા બધાનું સરસ 'પ્રારબ્ધ' છે કે આપણે બધા નરનારાયણદેવના ચોકમાં ભેગા થયા છીએ અને સાથે બેસીને ભજન કરીએ છીએ. એનાથી વિશેષ બીજો કોઈ 'પરચો' આપણા માટે હોઈ જ ના શકે.**



## દીપોત્સવી કાર્યક્રમ

**ચોપડા ખરીદવા માટે** : આસો વદ-૮ ને ગુરુવાર તા. ૨૪-૧૦-૨૦૨૪ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ** : આસો વદ-૧૩ બુધવાર તા. ૩૦-૧૦-૨૦૨૪ ધનતેરશ, મહાલક્ષ્મી પૂજન.

**કાળી ચૌદશ** : આસો વદ-૧૪ ગુરુવાર તા. ૩૧-૧૦-૨૦૨૪ કાલુપુર મંદિર શ્રી હનુમાનજી મહારાજનું પૂજન તથા સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન સાંજે ૭-૦૦ કલાકે અમદાવાદ કાલુપુર મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

**દિવાળી** : આસો વદ-૩૦ શુક્રવાર તા. ૦૧-૧૧-૨૦૨૪.

**નૂતનવર્ષ** : કારતક સુદ-૧ શનિવાર તા. ૦૨-૧૧-૨૦૨૪. **અન્નકૂટ દર્શન : સવારે : ૧૦-૦૦ થી ૩-૩૦ સુધી**

**મંગળા આરતી : સવારે : ૫-૦૦ કલાકે**

**શણગાર આરતી : સવારે : ૬-૩૦ કલાકે**

**ગોવર્ધન પૂજા : સવારે : ૮-૦૦ કલાકે**

**રાજભોગ આરતી : સવારે : ૧૦-૧૦ કલાકે**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૫૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો.

શ્રી સ્વામિનારાયણ











ધર્મકુળ પરિવાર



# સત્સંગ સમાચાર

## વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ગુરુ પૂર્ણિમા મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમા મહોત્સવ તા. ૨૧-૭-૨૪ રવિવારના રોજ દબદબાભેર ઉજવાયો.

પ્રાતઃ ૮ કલાકે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપો કાલુપુર મંદિરમાં પધારતા સંત-હરિભક્તોએ ઉમળકા ભર્યું સ્વાગત સામૈયું કર્યું હતું. શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારી દેવના દર્શન કરી સભામાં બિરાજમાન થયા હતા. વિદ્વાન વિપ્રો દ્વારા વિધિવત સ્વસ્તીવાચન બાદ સંતો-અગ્રણ્ય હરિભક્તોએ ધર્મકુળનું પૂજન કરી સમૂહ આરતી ઉતારી હતી. ત્યારબાદ પૂનમની સભાના અને ધર્મકુળ પૂજનના યજમાન પ.ભ.શ્રી સંજયભાઈ પિંડોરિયા અને પ.ભ. જીતેશ રાઘવાણી - હ. શ્રી નરનારાયણદેવના પૂજારી આદિ પરિવારે ધર્મકુળનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર મહંતશ્રી), સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) અને સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર)એ આપણા સૌના ગુરુ એવા ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો સુંદર મહિમા કહ્યો હતો.

ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ સંત-હરિભક્તોને ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગનું સુંદર સભા સંચાલન આપણા સુપ્રસિદ્ધ કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ શોભાવ્યું હતું. પૂ. મહંત શા. પી.પી. સ્વામીના માર્ગદર્શનથી તેમના સંત મંડળે ખૂબજ સુંદર આયોજન કર્યું હતું.

અમદાવાદ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને બહેનોમાં યુવતી મંડળે ખૂબજ સુંદર સેવા બજાવી હતી. આજે એટલી બધી જનમેદની ગુરુ પૂજનનો લાભ લેવા ઉમટી હતી કે આખું મંદિર, સભા મંડપ, મંદિરનો ચોક હકડેઠઠ ભરાઈ ગયો હતો. તમામ દર્શનાર્થીઓ માટે સુંદર અલૌકિક પ્રસાદ સૌને જમાડવામાં આવ્યો હતો. (કોઠારી શાસ્ત્રી નારાયણમુનિદાસજી)

## વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રાવણ માસમાં શ્રી નરનારાયણદેવની બાજુમાં પ્રસાદીના મહાદેવજીનું શિવ પૂજન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની બાજુમાં બિરાજમાન પ્રસાદીના શ્રી મહાદેવજીનું શિવપૂજન તા. ૫-૮-૨૦૨૪ થી તા. ૨-૯-૨૦૨૪ પર્યન્ત સવારે ૫-૩૦ થી ૮-૩૦ સુધી અનેક હરિભક્તોએ વિદ્વાન વિપ્ર દ્વારા શિવપૂજનનો મહા અલૌકિક લાભ લીધો હતો. (કો.શા. સ્વા. નારાયણમુનિદાસજી)

## વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર માં શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં શ્રાવણ માસમાં કથા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પવિત્ર શ્રાવણ માસમાં તા. ૫-૮-૨૦૨૪ થી તા. ૨-૯-૨૦૨૪ પર્યન્ત દંઢાવ્ય દેશની લીલાની કથા સવારે ૭ થી ૮ દરમ્યાન જુદાં જુદાં વક્તા સંતોના શ્રીમુખે પ્રસાદીના સભામંડપમાં થઈ હતી. જેમાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી સદ્‌ગુણદાસજી, સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી, સ.ગુ. શાસ્ત્રી સ્વામી મૂર્તિજીવનદાસજી અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી સુવ્રતદાસજી ઉપરોક્ત સંતોએ દંઢાવ્ય દેશની અલૌકિક કથા અમદાવાદના હજારો હરિભક્તોને સંભળાવી હતી. (કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસજી)

## પવિત્ર શ્રાવણ માસમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા મહાપૂજા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં શ્રાવણ સુદ-૧ તા. ૫-૮-૨૦૨૪ થી શ્રાવણ વદ-૩૦ તા. ૨-૯-૨૦૨૪ સુધી સવારે ૭ થી ૮ દરમ્યાન મહાપૂજાનું સુંદર આયોજન સંપન્ન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ મહાપૂજામાં બેસવાનો લાભ લીધો હતો. (કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે તા. ૪-૮-૨૦૨૪ રવિવારના રોજ સવારે ૫-૩૦ થી ૭-૩૦ દરમ્યાન સંતો, સાંખ્યયોગી બહેનો તથા હરિભક્તો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનું સુંદર આયોજન થયું હતું. જેમાં સેવાભાવી ડૉકટરોના હસ્તે મોટી સંખ્યામાં સંત-હરિભક્તોએ અને સાંખ્યયોગી બહેનોએ લાભ લીધો હતો. (કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદ એવમ્ આજ્ઞાથી પવિત્ર ચાતુર્માસમાં**

**વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર આયોજીત તેમજ નવનિર્મિત શિલજ મંદિરના લાભાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ રાત્રીય પારાયણ**

તા. ૭-૯-૨૪ શનિવાર થી તા. ૧૩-૯-૨૪ શુક્રવાર

**કથા સમય :** રાત્રે ૮ થી ૧૧

**પ્રેરક :** પૂજય સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર મહંતશ્રી)

**સભા સંચાલક :** સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી (કાલુપુર)

**વક્તાશ્રી :** પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)

**સહયોગ :** શ્રી સ્વામિનારાયણ મંદિર શિલજ (શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ બોડકદેવ-થલતેજ-શિલજ-સાયન્સસીટી). આ કથાનો લાભ લેવા માટે બોડકદેવ, થલતેજ, શિલજ, સાયન્સસીટી અને આજુબાજુ રહેતા ધર્મપ્રેમીજનોને ખાસ અનુરોધ છે.

સત્સંગ પરિચયના ફાર્મ ભરવા માટે અને સેવા કરવા સંપર્ક : પ.ભ. હિતેન્દ્રભાઈ - શિલજ - મો. : ૯૮૭૯૮૫૩૮૧૦, પ.ભ. ધનવંતભાઈ - થલતેજ - મો. : ૯૮૨૫૦૧૬૪૫૩

**વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પવિત્ર શ્રાવણ માસમાં હિંડોળા ઉત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં પવિત્ર શ્રાવણ માસમાં ભવ્ય હિંડોળા ઉત્સવનું સુંદર આયોજન આપણા સુપ્રસિદ્ધ કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) અને પૂ. સ.ગુ. કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીના સુંદર આયોજનથી ને સેવા ભાવી હરિભક્તોના સહકાર અને સેવાથી સંપન્ન થયું હતું.

તા. ૨૮-૭-૨૦૨૪ થી તા. ૨૧-૮-૨૦૨૪ પર્યન્ત આ અલૌકિક હિંડોળા ઉત્સવમાં ધોધ, ઝરણા, પહાડ, તળાવ, ફુલ, ઝાડ જેવા કુદરતી કલ્પોના સાંનિધ્યમાં વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળા દર્શન પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ખુલ્લાં મુકવામાં આવ્યા હતા. ત્યારબાદ અવાર-નવાર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી એમ સમસ્ત ધર્મકુળ પરિવારે હિંડોળા ઉત્સવ નિહાળી દર્શન કરી અતિ પ્રસન્ન થયા હતા. સવારના ૫-૩૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૮ દરમ્યાન શહેર પરાવિસ્તાર અને ગામોગામથી રોજે હજારોની સંખ્યામાં ભાવિક ભક્તોએ આવા ભવ્ય હિંડોળા દર્શન કરી ખૂબજ ધન્યભાગી થયા હતા. આવા મોટા પ્રોજેકટમાં યજમાન બની સેવા કરનાર પ્રેમી ભક્તોએ નીચે પ્રમાણે અલૌકિક લાભ લીધો હતો.

પ.ભ. ચંચળબા પરિવાર - મોખાસણ, પ.ભ. અરવિંદભાઈ આર. દોંગા, શાલીન અરવિંદભાઈ દોંગા, કૈલાસબેન અરવિંદભાઈ દોંગા, પ.ભ. ઉષાબેન મુકેશકુમાર પટેલ - અમદાવાદ, પ.ભ. શર્મિલાબેન ભરતભાઈ ચૌધરી - જન્મ દિન નિમિત્તે, પ.ભ. ગિરધરલાલ મોહનદાસ પટેલ - રાજપુર- મૌલિકભાઈ - યુ.એસ.એ., પ.ભ. રણછોડભાઈ (ભગત) વિઠ્ઠલભાઈ પટેલ - કુડાસણવાળા - ગાંધીનગર, પ.ભ. માનસી પૂજન રાજેન્દ્રભાઈ પટેલ - પોરવાળા-અમેરિકા-સાબરમતી, પ.ભ. પ્રવિણભાઈ નટવરભાઈ પટેલ - રમીલાબેન પ્રવિણભાઈ પટેલ - હ. વેદાંત તથા વાસવી - સેડવાલાળા-અમદાવાદ, પ.ભ. વિષ્ણુભાઈ કાળીદાસ પટેલ - હ. ડૉ. નીકી પટેલ - ગુલાબપુરાવાળા - અમદાવાદ, ગં.સ્વ. શાંતાબેન વેલજીભાઈ ચૌધરી - હ. નારણભાઈ તથા મહેશભાઈ - બદપુર, પ.ભ. વાલબાઈ વાલજી હિરાણી - બળદીયા-કચ્છ, અ.સૌ. કાંતાબેન કાંતિભાઈ ચૌધરી - બદપુરા, માધવજી એન્ડ સન્સ - ભુજ, પ.ભ. રસિકભાઈ રાજાભાઈ ઝવેરી - જામનગરવાળા, પ.ભ. કમલેશભાઈ - બાયડ, પ.ભ. કહાન જયમીન પટેલ - અમેરિકા - હ. નરેન્દ્રભાઈ આર. પટેલ, પ.ભ. શારદાબેન પટેલ - હ. અલ્પેશભાઈ - અમદાવાદ, પ.ભ. કરશનભાઈ હાલાઈ - હ. નારાયણભાઈ.

સેવામાં આવેલ ચીજ વસ્તુઓ : પ.ભ. ધર્મેન્દ્રભાઈ - બંસરી - ટ્રસ્ટ, પ.ભ. રાજુભાઈ - બાકરોલ - ટ્રસ્ટ, પ.ભ. હર્ષદભાઈ પટેલ - મોટેરા - મંડપ ડેકોરેશન સામાન.

પૂજ્ય મહંત સ્વામીના પાર્ષદ મંડળમાં શ્રી હાર્દિકભાઈ રાજપુરોહિત (કોઠાર ઓફિસ) શ્રી પ્રફુલ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં

# હિંડોળા ઉત્સવ
## 2024

કાલુપુર મંદિરમાં અભૂપૂર્વ હિમાલય-હિંડોળા દર્શનમાં માં શ્રાવણમાસ દરમ્યાન આશરે દોઢ લાખ હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.















કાલુપુર મંદિરમાં ખારેકના અન્નકૂટની આરતી
ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી





શિકાગો (અમેરિકા ) મંદિરમાં અન્નકૂટ દર્શન



ઉનાવા મંદિરમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી







નૈરોબી (કેન્યા) કથા પારાયણ પ્રસંગે આશીર્વચન પાઠવતા
પૂજન કરતા અને સનાતન સ્વામી ના હસ્તે રક્ષા
બંધાવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



રક્ષાબંધન - દર પૂનમે અમદાવાદ મંદિરમાં થતી સત્સંગ સભામાં
આશીર્વચન પાઠવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

ખરસાણી, અભિ ખરસાણી, શ્રી ભગવાનભાઈ પી. પટેલ, શ્રી મનુભાઈ દુધાત, શ્રી રમેશભાઈ કથીરીયા, શ્રી હનુભાઈ એમ. પરમાર, શ્રી પ્રેમજીભાઈ જે સાતુનીયા, શ્રી જનકભાઈ ભાવસાર. (કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી - કાલુપુર)

### પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ સમક્ષ ભવ્ય હિંડોળા દર્શન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત આખો શ્રાવણ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ સમક્ષ રોજે રોજ સોના ચાંદીના કલાત્મક પરંપરાગત હિંડોળામાં વિવિધ પ્રકારના ભવ્ય હિંડોળા શણગારી ઠાકોરીજને ઝુલાવીને દર્શન કરાવવામાં આવતા હતા.

આખો માસ શ્રધ્ધાળુ પ્રેમી ભક્તોએ યજમાન બની સવા કરી હતી. હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ હિંડોળા દર્શનક રવા પધારતા હતા. આવા ભવ્ય કલાત્મક હિંડોળાની સેવામાં પ.ભ. રણજીતસિંહ દરબાર, પ.ભ. હાર્દિક રાજપુરોહિત, પ.ભ. વાસુદેવભાઈ સોની (હળવદવાળા), વાટુકીયા ભાઈલાલ, હરેશભાઈ વાટુકીયા મયુર હરેશભાઈ (ધી-કાંટા)એ સેવા કરી હતી.

હિંડોળાના યજમાનશ્રીઓ : **અષાઢ વદ-૨** : (૧) પ.ભ. પ્રીત/રૂચી નંદુભાઈ પટેલ - સાબરમતી, (૨) પ.ભ. મનસુખભાઈ દેવજી હાલાઈ - મેઘપર. **અષાઢ વદ-૩/૪** : પ.ભ. મન અલ્પેશભાઈ પટેલ - મુબારકપુરાવાળા - ગાંધીનગર. **અષાઢ વદ-૫:** પ.ભ. ફેનીલ કમલેશભાઈ પટેલ - હ. કમલેશભાઈ તથા સંગીતાબેન - ચાંદખેડા. **અષાઢ વદ-૬** : પ.ભ. ગણેશભાઈ બેચરદાસ પટેલ -વિહારવાળા - હ. દિવ્ય અને પ્રિન્સ - કેનેડાવાળા. **અષાઢ વદ-૭** : (૧) પ.ભ. હિરાબેન પરસોતમભાઈ પટેલ - ભાઉપુરાવાળા - હ. જય, ઉમંગ, ક્રિશ, કૃપા, ગાયત્રી, કાવ્યા, જીયા. (૨) પ.ભ. આયુષ સંદિપભાઈ પટેલ - અંબાપુરવાળા - ગાંધીનગર. (૩) પ.ભ. દિપેશ રામજી હાલાઈ - રામપરવેકરા-નાઈરોબી. **અષાઢ વદ-૮** : (૧) પ.ભ. અતુલભાઈ વી. પોથીવાલા - અમદાવાદ. (૨) રિતેષભાઈ વંડરા - અમદાવાદ. (૩) પ.ભ. રવિના ઉર્વિશ ચૌધરી તથા ઉર્વિશ કનુભાઈ ચૌધરી - અમેરિકા. (૪) પ.ભ. નટવરલાલ ગંગારામ સોની - રાણીપ (પ્રીતિ જ્વેલર્સ). **અષાઢ વદ-૯** : પ.ભ. પટેલ લાલજીભાઈ ગણેશભાઈ - ભાઉપુરાવાળા - હ. જયેશ. **અષાઢ વદ-૧૦** : પ.ભ. શેઠ રાવજીભાઈ મણીભાઈ પટેલ - ઝુંડાલવાળા-મોટેરા. **અષાઢ વદ-૧૧ (એકાદશી)** : (૧) પ.ભ. મહેન્દ્રભાઈ મણીભાઈ પટેલ - મોટેરા - મણીલાલ પાર્ટી પ્લોટ. (૨) અ.નિ. ચિમનભાઈ બબલદાસ પટેલ - હ. ઘનશ્યામભાઈ - ઈસંડવાળા-મોટેરા. **અષાઢ વદ-૧૨** : (૧) શ્રી નરનારાયણ મહિલા મંડળ (રાણીપ). (૨) પ.ભ. નિલેશભાઈ રફાળીયા. **અષાઢ વદ-૧૩** : (૧) પ.ભ. ચંદ્રિકાબેન જયંતીભાઈ પટેલ - પોર - ગાંધીનગર. (૨) પ.ભ. પરસોતમભાઈ મોહનભાઈ પટેલ - ગાંધીનગર. **અષાઢ વદ-૧૪** : પ.ભ. મધુબેન મહેન્દ્રભાઈ પટેલ - ચાંદખેડા (કાળીગામવાળા) - હ. સુજલ અલ્પેશભાઈ **અષાઢ વદ-૩૦ (અમાસ)** : (૧) પ.ભ. રશ્મિન પ્રવિણભાઈ પટેલ - માણસાવાળા અમેરિકા - જન્મદિન નિમિત્તે. (૨) પ.ભ. બીના અજયકુમાર પટેલ - નિકોલ - હ. રીતુ. (૩) પ.ભ. હિતેશ મનુભાઈ પાટડીયા - અમદાવાદ. **શ્રાવણ સુદ-૧** : (૧) અ.નિ. સેંધાલાલ કરશનદાસ પટેલ - કુંડાળ - હાલ બોપલ. (૨) પ.ભ. ચંચળબેન ચંદુભાઈ પટેલ - મોટેરા. (૩) પ.ભ. જીતેન્દ્રભાઈ મગનલાલ ચોકસી - હ. મનીષભાઈ, જીતેન્દ્રભાઈ, દેવ મનીષભાઈ, લતાબેન, અલકાબેન, જેનીબેન. (૪) પ.ભ. નીતિનભાઈ બળદેવભાઈ શાહ - હ. જીતેશભાઈ, કૌશલભાઈ શાહ - આંબાવાડી. (૫) પ.ભ. શારદાબા શેલત - હ. અસ્મિતાબેન કે. શૈલત, હ. ઘનશ્યામભાઈ ચાવડા. **શ્રાવણ સુદ-૨** : (૧) શ્રીમતી વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ પરિવાર - માણસાવાળા - હ. ડાહ્યાભાઈ પટેલ. (૨) પ.ભ. ઘનશ્યામભાઈ મોહનભાઈ પટેલ. **શ્રાવણ સુદ-૩** : (૧) નરનારાયણ સિરામીક - હ. મંથન રાજુભાઈ પટેલ. (૨) પ.ભ. નરેન્દ્રભાઈ પ્રાણજીવનભાઈ પારેખ. **શ્રાવણ સુદ-૪** : (૧) પ.ભ. કેવલભાઈ અવની મેપાણી - બળદીયા - હાલ સીડની ઓસ્ટ્રેલીયા. (૨) પ.ભ. કરશનભાઈ કાનજી રાઘવાણી - અમદાવાદ. **શ્રાવણ સુદ-૫** : પ.ભ. રામજી નાથાલાલ કેરાઈ - રામપરા - હાલ યુ.કે. **શ્રાવણ સુદ-૬** : (૧) અ.નિ. ચંદુભાઈ રામાભાઈ પટેલ - હ. ધવલભાઈ - મોટેરા. (૨) પ.ભ. શિવાની ભૂપેન્દ્રભાઈ પ્રજાપતિ - જન્મદિન નિમિત્તે - નરોડા-અમદાવાદ. (૩) પ.ભ. ઘનશ્યામભાઈ વિરજીભાઈ પટેલ - હિરાપુરા - હ. મર્મ અને રોહન. (૪) પ.ભ. મહર્થભાઈ પ્રકાશભાઈ પટેલ - હ. પ્રકાશભાઈ પટેલ. (૫) પ.ભ. ગાંડાલાલ કાળીદાસભાઈ પટેલ - અમદાવાદ. **શ્રાવણ સુદ-૭** : (૧) પ.ભ. વિકેશ લાલજી હિરાણી તથા નેહા કાંતિલાલ ખીમાણી. (૨) પ.ભ. ઈલાબેન ઠક્કર -નિકોલ - હ. વિજયભાઈ ઠક્કર. **શ્રાવણ સુદ-૭** : (૧) પ.ભ. મૃણાલ નિરજ દવે - લુણાવાડાવાળા હાલ બેંગ્લોર. (૨) અ.નિ. જ્યોતિબેન શીવાભાઈ પટેલ (કૌશલેન્દ્ર ગાર્ડન ઝુલા) - હ. અમરતભાઈ તથા જયંતીભાઈ પટેલ - દિવ્યાંગના જન્મ દિન નિમિત્તે. **શ્રાવણ સુદ-૮** : પ.ભ. દક્ષ અમિતકુમાર પટેલ - રાણીપ-અમદાવાદ. **શ્રાવણ સુદ-૯** : (૧) અ.નિ. કમળાબેન ગજાનંદભાઈ જાદવ પરિવાર - હ. જાદવ ઈન્ડસ્ટ્રીજ. (૨) પ.ભ. આનંદ અશોકભાઈ દેસાઈ, અશ્વિન અંબાલાલ મહેતા, અશોક, નિકીતા, પુનિતા, ચિરાગ, નિષ્મા, રિમા, નિલેશ. (૩) પ.ભ. વિનોદભાઈ એસ. પટેલ પરિવાર - હ. મીહીર, ગૌરવ, ધૃવ, શિવ, શ્રીયા પટેલ પરિવાર - હ.

કારભારી સાહેબ. (૪) પ.ભ. ધર્મેન્દ્રભાઈ ઘનશ્યામભાઈ પટેલ - હ. સચિન, વિરલ, રિયાંશ. (૫) પ.ભ. રતીભાઈ કેશવલાલ પટેલ, દક્ષાબેન ઠાકોરભાઈ પટેલ, ગીરાબેન પટેલ તથા અંજનાબેન - કાળીગામ. (૬) મહિલા મંડળ - હવેલી કાલુપુર. (૭) પ.ભ. લાલજીભાઈ હરીભાઈ ટાંકેચા. **શ્રાવણ સુદ-૧૦** : (૧) પ.ભ. હર્ષદ એમ. પટેલ (વકીલ) - હિંમતનગર. (૨) પ.ભ. પટેલ હેતલબેન યોગેશકુમાર - ડાંગરવા હાલ અમેરિકા - હ. નિકી. **શ્રાવણ સુદ-૧૧ (એકાદશી)** : (૧) પ.ભ. દિપકભાઈ પ્રવિણભાઈ પાટડીયા - હ. પૃથ્વી અને મેહુલ - ગાંધીનગર હાલ બેહરીન. (૨) અ.નિ. અમૃતબેન તુલશીભાઈ સાપરીયા - હ. મનસુખભાઈ તુલસીભાઈ સાપરીયા પરિવાર - ધૂળકોટ હાલ સુરત. (૩) અ.નિ. આશિષભાઈ જયંતીભાઈ પટેલ - હ. નિલેશભાઈ પટેલ - ચાંદખેડા. (૪) અ.નિ. ઘનશ્યામભાઈ જી. પટેલ - રાજ તેજશભાઈ. (૫) પ.ભ. દિવ્યકાંતભાઈ ચિમનભાઈ પટેલ - નાર. **શ્રાવણ સુદ-૧૨/૧૩** : (૧) અ.નિ. ચંદ્રકાંતભાઈ કેશવલાલ મહેતા, અ.નિ. ચંદ્રિકાબેન ચંદ્રકાંતભાઈ મહેતા - હ. તરલિકાબેન કેશવલાલ મહેતા. (૨) અ.નિ. વલ્લભભાઈ પોપટભાઈ ખીચડીયા - બાપુનગર. (૩) પ.ભ. ધનુષ જીતેન્દ્રભાઈ - રાધનપુર. (૪) પ.ભ. ઈન્દુબેન રવજીભાઈ પટેલ, ગીતાબેન બકુલેશ પટેલ - કેનેડા (જે.પી. સ્વામી). (૫) પ.ભ. ધાર્મિક હિતેષભાઈ પટેલ - પોર. (૬) પ.ભ. અમરકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ. **શ્રાવણ સુદ-૧૪** : (૧) પ.ભ. હર્ષાબેન અતુલકુમાર ભાવસાર - બકરી પોળ કાલુપુર. (૨) પ.ભ. રૂદ્ર પટેલ - રાણીપ. (૩) પ.ભ. ભુપેન્દ્રભાઈ પ્રભુદાસભાઈ પટેલ - હે. કેનોપભાઈ. **શ્રાવણ સુદ-૧૫ (પૂનમ-રક્ષાબંધન)** : (૧) પ.ભ. મનજીભાઈ વિશ્રામભાઈ વરસાણી, ધર્મપત્ની કેશરબાઈ, પુત્ર નારાયણભાઈ તથા ધનજીભાઈ તથા કાન્તિભાઈ પરિવાર મૂળ ગામ બળદિયા - હાલ સીડની ઓસ્ટ્રેલીયા. (૨) પ.ભ. જીગર પટેલ તથા ઉર્વિશ પટેલ - પિતાશ્રીના જન્મ દિન નિમિત્તે. (૩) પ.ભ. અનાયા અંકિતકુમાર પટેલ - પોરવાળા - સાબરમતી. **શ્રાવણ વદ-૧** : (૧) પ.ભ. ભરતભાઈ ગાંડાભાઈ પટેલ - સોલાવાળા- અમદાવાદ. (૨) અ.નિ. ગીતાબેન રાજેન્દ્રકુમાર ભાવસાર. **શ્રાવણ વદ-૨** : (૧) પ.ભ. રિદીત રવિકુમાર પટેલ - ગાંધીનગર-ઉનાવા -હ. નયનાબેન સુમનભાઈ પટેલ રિદીતના જન્મ દિવસ નિમિત્તે. (૨) પ.ભ. કુસુમબેન હર્ષદભાઈ શાહ પરિવાર - હ. બ્ર. સ્વામી ઘનશ્યામાનંદજી.

### પૂજ્ય લાલજી મહારાજશ્રીના લગ્ન નિમિત્તે નારણપુરા (કડી) ગામે વૃક્ષારોપણ

શ્રી નરનારાયણદેવ દેશના નારણપુરા (કડી) ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળે પ.પૂ. લાલજી મહારાજશ્રીના લગ્ન પ્રસંગની ખુશાલીમાં ૨૫૧ રોપાનું વૃક્ષારોપણ કરીને પર્યાવરણનું સુંદર ઉદાહરણ પુરૂ પાડ્યું છે. દરેક ગામજનોએ પણ આ ગામની આવી સુંદર પ્રવૃત્તિમાંથી પ્રેરણા લેવા જેવી છે. (નારણપુરા સમગ્ર સત્સંગ અને યુવક મંડળ)

### નવા વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના લગ્નોત્સવ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાડજ ખાતે તા. ૯, ૧૦, ૧૧ જુલાઈ ત્રણ દિવસ લગ્નગીત, રાસ ગરબા તથા નંદ સંતો રચિત લગ્ન ગીતોના ઢાળમાં કીર્તન ભક્તિ તથા ધૂનનું આયોજન કરી લગ્નોત્સવ ઉજવાયો. પ.ભ. રાજુભાઈ, રસિકભાઈ, કમલેશભાઈ, મુકેશભાઈ, જગતસિંહ તથા ભરતભાઈ પંચાલ આદિ ભક્તોએ યજમાન પદે રહી લાભ લીધો હતો. (નિલેષ ગજ્જર કોઠારી નવાવાડજ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨, ગાંધીનગર રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ

**એજ્યુકેશન કીટનું વિતરણ** : શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨ દ્વારા ગાંધીનગર પાસેના ગામોની સ્કૂલોમાં વિદ્યાર્થીઓને એજ્યુકેશન કીટ, જેમાં ફૂલસ્કેપ ચોપડા, રબર, પેન્સિલ વિ. નું વિતરણ કરવામાં આવ્યું હતું. સે.૨ મંદિરના મહંત સ્વામી પૂજ્ય વ્રજભૂષણદાસજી એ જાતે દરેક ગામોમાં જઈને બાળકોને કીટ વિતરણ ની સેવા કરી હતી.

**"સત્સંગસભા-૬"** : તા.૨૮/૦૬/૨૦૨૪ ને શુક્રવાર ના રોજ ઉવારસદ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે સમસ્ત સત્સંગ સમાજના યજમાન પદે સત્સંગસભાનું આયોજન રાત્રે ૯ થી ૧૦:૩૦ સુધી કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદના સંતો સભામાં પધારી અને સત્સંગ, કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. આજની સભામાં મોટી સંખ્યામાં હરિભકતોએ ખૂબ જ ભક્તિભાવથી સત્સંગનો લાભ લીધો હતો.

**"બ્લડડોનેશન કેમ્પ"** : શ્રી સ્વામિનારાયણ મંદિર, સે.૨ અને રેડ ક્રોસ સોસાયટી સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના સહયોગથી તારીખ ૦૭-૦૭-૨૪ ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી બ્લડડોનેશન કેમ્પનું ભક્તિમાતા ભવન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં લગભગ ૪૨ હરિભક્તોએ બ્લડનું દાન કર્યું હતું અને ધન્ય થયા હતા.

**"આરોગ્ય તપાસ શિબિર"** : શ્રી સ્વામિનારાયણ મંદિર, સે.૨ અને ડો .લાલ પેથોલોજી લેબ, અમદાવાદ ના સહયોગથી તારીખ ૦૭/૦૭/૨૪ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી આરોગ્ય તપાસ શિબિર નું આયોજન ભક્તિ માતા ભવન ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં લગભગ ૧૦૦ હરિભક્તોએ શિબિર નો લાભ લીધો હતો.

**"સત્સંગસભા-૭"** : તા. ૧૧-૦૭-૨૦૨૪ ને ગુરુવારના રોજ અંબાપુર ગામના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે સમસ્ત સત્સંગ સમાજના યજમાન પદે સત્સંગસભાનું આયોજન રાત્રે ૯ થી ૧૦-૩૦ સુધી કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદના સંતોએ સભામાં પધારી સત્સંગ, કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. આજની સભામાં મોટી સંખ્યામાં હરિભકતોએ ખૂબ જ ભક્તિભાવથી સત્સંગનો લાભ લીધો હતો.

**"ફ્રી ચેક અપ કેમ્પ"** : શ્રી સ્વામિનારાયણ મંદિર, સે.૨ અને પંચશીલહોસ્પિટલ, સાબરમતીના સહયોગથી તા. ૧૪-૦૭-૨૪ ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી ફ્રી ચેકઅપ કેમ્પનું ભક્તિ માતા ભવન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં લગભગ ૧૫૦ હરિભક્તોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં ડૉ. મમતાબેન શાહ અને ડૉ. સૌમ્યભાઈ શાહે ખૂબ ઉત્તમ સેવા બજાવી હતી.

શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨, ગાંધીનગરના રજત જયંતી મહોત્સવ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓમાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી પૂજ્ય પુરુષોત્તમ પ્રકાશ દાસજી સ્વામી તથા સેક્ટર-૨ મંદિરના મહંત સ્વામી પૂજ્ય વ્રજભૂષણ દાસજી સ્વામી ખૂબ જ જહેમતપૂર્વક આ ઉત્સવ નું માર્ગદર્શન અને પ્રેરણા આપી રહ્યાં છે. સિનિયર સીટીઝન મંડળ, યુવક મંડળ અને મહિલા મંડળના સર્વે સભ્યો તન, મન, ધનથી ઉત્સાહપૂર્વક સેવા કરી રહ્યાં છે. (બિપીન પટેલ)

### શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી વડુ સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં આયોજીત પ્રવૃત્તિઓ

**સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો** : વડુ નરનારાયણ દેવ સત્સંગ સમાજ વાડી ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કલોલ સ્થિત અન્ય કોલેજ ઓફ મેડીસીન એન્ડ રિસર્ચ એન્ડ આદર્શ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ડોક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં જરૂરિયાતમંદ વડુ ગામ સહિત મોટી સંખ્યામાં આજુબાજુના ગામના લોકોએ પણ ભાગ લીધો હતો.

**કિટ વિતરણ અને નેત્રનિદાન કેમ્પ** : દિવ્યાંગ ભાઈઓ થતા નિરાધાર અને વિધવા બહેનોને વડનગર સ્વામિનારાયણ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નારાયણ વલ્લભદાસજીના હસ્તે રાશનકિટ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પટેલ વાડીમાં નેત્ર નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ગામજનોએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં આંખોની તપાસ કરી જરૂરિયાતમંદ લોકોને ચશ્મા અને દવાઓ નિઃશુલ્ક આપવામાં આવી હતી. આ ઉપરાંત મોતિયાના ઓપરેશન પણ કરી આપવામાં આવશે.

**બેગ અને ચોપડા વિતરણ** : અત્રેની હાઈસ્કૂલના હોલમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. જેમાં વિદ્યાર્થીઓને ઈનામ,બેગ તથા ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ નિમિત્તે દાતાઓ, સંતો, આગેવાનો, મહેમાનો શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**પ્રવેશોત્સવ ઊજવાયો** : શ્રી નરનારાયણ દેવ સમાજ વાડીમાં ધો. ૧ અને બાલવાટિકાના બાળકોનો પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યા હતા. દાતાઓ દ્વારા આ નિમિત્તે બાળકોને ચોપડા, સ્કૂલબેગ તથા શૈક્ષણિક કીટ ભેટ આપી હતી તેમજ તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ તેમજ મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું.

**પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ** : અત્રે પ્રાથમિક શાળામાં દાતાઓ દ્વારા બાળકોને ચોપડા, સ્કૂલબેગ તથા શૈક્ષણિક કીટ ભેટ આપી હતી. તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ કરાયું હતું. (જયંતીભાઈ પટેલ - વડુ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર મેરાની મુવાડી (કોઠંબા) ૧૪ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ મહંતશ્રી)ની પ્રેરણાથી મેરાની મુવાડી ગામે ગામ સમસ્ત સત્સંગ સમાજના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૪ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુર મંદિરથી જનમંગલ સ્વામી, અક્ષરપ્રિયદાસજી સ્વામી અને મુકુલ ભગતે પધારી કથા વાર્તા-કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. (જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર મહિજ નો ૪૭ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ મહંતશ્રી)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મહિજનો ૪૭ મો વાર્ષિક પાટોત્સવ જેઠ વદ-૩ તા. ૨૪-૬-૨૦૨૪ ના રોજ સમસ્ત ગામના સત્સંગીઓના સુંદર આયોજનથી ભવ્યતાથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરથી સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ.ગુ. બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી (કાલુપુર ટ્રસ્ટીશ્રી), જનમંગલ સ્વામી, અક્ષરપ્રિયદાસજી સ્વામી, હેમંત ભગત ભૂદેવ આદિ સંત મંડળે પધારી કથા વાર્તાનો લાભ આપ્યો હતો. પાટોત્સવના યજમાનનો લાભ

પ.ભ. પલખભાઈ પરિવારે લીધો હતો. (જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જરવલા ૭૪ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર જરવલાનો ૭૪ મો વાર્ષિક પાટોત્સવ જેઠ સુદ-૫ તા. ૧૧-૬-૨૦૨૪ ના રોજ ગામ સમસ્ત હરિભક્તોના સુંદર આયોજનથી ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે જેતલપુર મંદિરના સંતો જનમંગલ સ્વામી, પાર્ષદ હેમંત ભગત (ભૂદેવ) આદિ સંત-પાર્ષદ મંડળે સર્વે હરિભક્તોને કથાવાર્તાના માધ્યમથી સુંદર લાભ આપ્યો હતો. (જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (તા. કપડવંજ) ૧૪ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (કપડવંજ) નો ૧૪ મો વાર્ષિક પાટોત્સવ વૈશાખ વદ-૫ ના રોજ સમસ્ત ગામના હરિભક્તોએ સાથે મળી ધામધૂમથી ઉજવ્યો હતો. આ પ્રસંગે જેતલપુર મંદિરના મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી તથા સ્વા. જનમંગલદાસજી આદિ સંત મંડળે પધારીને કથા વાર્તાનો લાભ આપ્યો હતો. (જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (દશક્રોઈ) ૩૧ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (દશક્રોઈ)નો ૩૧ મો વાર્ષિક પાટોત્સવ ગામના સર્વે હરિભક્તોના સુંદર સહયોગથી ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી સ્વામી સંત મંડળ સાથે પધારી કથા વાર્તા કરી હરિભક્તોને ખૂબ રાજી કર્યા હતા. (જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ખુશેલા પ્રથમ વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ખુશેલાનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ સમસ્ત ગામના હરિભક્તો દ્વારા ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે સ.ગુ. બ્ર. સ્વા. હરિસ્વરૂપાનંદજી (કાલુપુર મંદિર ટ્રસ્ટીશ્રી), સ.ગુ. બ્ર. સ્વા. કૃષ્ણપ્રિયાનંદજી (કાંકરિયા), સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી (જેતલપુરધામ), સ.ગુ. સ્વામી ભક્તિચરણદાસજી આદિ સંત-મંડળે પધારી કથાવાર્તા કરી ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. (જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયા ૧૩ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ રાબડીયા સમસ્ત સત્સંગ સમાજ અને કોઠારીશ્રીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) રાબડીયાનો ૧૩ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુર મંદિરથી જનમંગલ સ્વામી, અક્ષરપ્રિયદાસજી સ્વામી અને પાર્ષદ હેમંત ભગત આદિ સંત મંડળે કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. (જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ દ્વારા રથયાત્રા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી અને એપ્રોચ મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી એવમ્ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સુંદર સહકારથી તા. ૭-૭-૨૦૨૪ અષાઢ સુદ-૨ રથયાત્રાના પવિત્ર દિવસે સૌ પ્રથમવાર રથયાત્રાનું ભવ્ય આયોજન થયું હતું.

સંત-હરિભક્તો સાથે ભગવાન જગન્નાથજીની રથયાત્રા ૩ કલાક પર્યન્ત બાપુનગર વિસ્તારમાં ફરી હતી. દરેક દર્શનાર્થીઓને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રીના લગ્નોત્સવ પ્રસંગે એપ્રોચ મંદિર અને હર્ષદ કોલોની મંદિરમાં દરરોજ ૧ કલાક નંદ સંતોના કીર્તન બહેનોએ સમૂહમાં ગાયા હતા. રાસોત્સવ પણ કર્યો હતો. (ગોરધનભાઈ સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા

**અષાઢી તોલ :** સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડાધામને આંગણે શ્રી ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજ તથા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના સાનિધ્યમાં ટોરડા મંદિરના મહંત સ્વામી તથા ટોરડા અને આસપાસના ગામના ખેડૂત અને નોકરિયાત વર્ગની હાજરીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી તોલાઈ થઈ હતી.

વર્ષોથી ચાલી આવતી આ ઐતિહાસિક પરંપરા મુજબ અષાઢી પૂર્ણિમાની રાત્રે ૧૧ (અગિયાર) વાગ્યે ધાન્ય પાકોને ૫-૫ ગ્રામ તોલીને ભગવાનના વસ્ત્રોમાં બાંધીને એક માટલીની અંદર મૂકીને માટલીને ઉપરથી માતાજીની સાડીથી મોઢું બાંધી દેવામાં આવે છે પછી તેને ભગવાનની સમક્ષ મુકવામાં આવે છે. બીજે દિવસે સવારે અષાઢ વદ એકમના રોજ ફરીથી તે ધાન્યોનો તોલ કરવામાં આવે છે જે ધાન્યની વધઘટ થઈ હોય તેને બાજરીના કણથી વધઘટ કરવામાં આવે છે, જે પાક વધારે પાકવાનો હોય તે પાક વધે છે અને જે પાક ઓછો પાકવાનો હોય તે પાક ઘટે છે.

(૧) ઘઉં : બાજરીના ૧૦ (દશ) કણ વધારે, (૨) મકાઈ : બાજરીના ૧૨ (બાર) કણ વધારે , (૩) ડાંગર : બરાબર, (૪) કપાસ : બાજરીના ૬ (છ) કણ વધારે, (૫) બાજરી : બરાબર, (૬) ચણા : બરાબર, (૭) મગ : બાજરીના ૩ (ત્રણ) કણ વધારે, (૮) અડદ : બાજરીના ૭ (સાત) કણ વધારે, (૯) રસકસ : બાજરીના ૨૯ (ઓગણત્રીસ) કણ ઓછા, (૧૦) કાળી માટી : બાજરીના ૩ (ત્રણ) કણ ઓછા - પશુ પક્ષી, (૧૧) લાલ માટી : બાજરીના ૭ (સાત) કણ ઓછા - મનુષ્ય (માનવજાતિ)

નોંધ : એકંદરે વર્ષ સારું રહેશે. પાછેતરો વરસાદ થશે. પશુ, પક્ષી મનુષ્ય જાતિમાં રોગચાળો ફાટી નીકળવાની શક્યતાઓ. (મહંત સ્વામી ટોરડા મંદિર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા ૧૯૦ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સ.ગુ. શાસ્ત્રી સ્વામી ભક્તિહરિદાસજી (રણજીતગઢ)ની પ્રેરણાથી પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી પ્રસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રાનો ૧૩૦ મો વાર્ષિક પાટોત્સવ પ.ભ. સોની મયુરભાઈ દિનકરભાઈ, પ.ભ. દલવાડી નંદલાલ ઠાકરસીભાઈના યજમાન પદે ઉજવાયો તા. ૧૦-૭-૨૪ થી તા. ૧૪-૭-૨૪ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચદિનાત્મક કથા શા. સ્વા. મંત્રપ્રકાશદાસજી (રણજીતગઢ)ના વક્તાપદે થઈ હતી. સભા સંચાલન કોઠારી સ્વામી હરિવંદનદાસે કર્યું હતું. મહાપ્રસાદના યજમાન પ.ભ. જસુભા ઝાલા તથા પ્રવિણભાઈ પટેલ રહ્યાં હતા. (પ્રતિ. અનિલ દુધરેજીયા - ધ્રાંગધ્રા)

## વિદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર હંસવિલ-અલાબામા (અમેરિકા)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હંસવીલ-અલાબામા (અમેરિકા) પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા સહ આશીર્વાદથી તા. ૧-૭-૨૦૨૪ થી તા. ૭-૭-૨૦૨૪ સુધી ભવ્ય પંચમ વાર્ષિક પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂજારી સ.ગુ. બ્રહ્મચારી સ્વામી પૂર્ણાનંદજી પધારી આશીર્વાદ અને માર્ગદર્શન આપ્યું હતું. સપ્ત દિનાત્મક શ્રીમદ્ ભાગવત કથા પારાયણનું રસપાન શા. સ્વામી ધર્મનંદનદાસજી (શિકાગો)એ કરાવ્યું હતું. હંસવિલ મંદિરના મહંત સ.ગુ. જગતપ્રકાશદાસજી તથા સ.ગુ. બ્ર. સ્વામી પવિત્રાનંદજીએ ખૂબજ મહેનત કરી હરિભક્તોના સાથ સહકારની સાથે ઉત્સવ ઉજવ્યો હતો. આ પ્રસંગે શ્રી કૃષ્ણજન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ, શ્રી હરિયાગ, સમૂહ મહાપૂજા, રાસોત્સવ, બાળકો-બાલિકાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ, આતશબાજી આદિક અનેક પ્રસંગો ઉજવાયા હતા. (કોઠારી હંસવિલ - અલાબામા મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો (અમેરિકા)

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ-ની -આજ્ઞા સહ આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો-અમેરિકાનો ૨૬ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૭-૭-૨૦૨૪ થી ૪-૮-૨૦૨૪ સુધી ખૂબજ ભવ્યતાથી ઉજવાયો. નવ દિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણનું રસપાન શાસ્ત્રી સ્વામી ધર્મનંદનદાસજીએ કરાવ્યું હતું. સ.ગુ. શાંતિપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણા અને હરિભક્તોના સાથ સહકારથી ભવ્ય પાટોત્સવ ઉજવાયો. પાટોત્સવના અંતે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ફોન દ્વારા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સ.ગુ. ધર્મવલ્લભદાસજી સ્વામી આદિક ઘણા સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પાટોત્સવમાં શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, રાસોત્સવ ફૂલડોલ ઉત્સવ, શ્રીહરિયાગ, ઠાકોરજીનો દિવ્ય અભિષેક અને અન્નકૂટ આદિક ઘણા પ્રસંગો ઉજવાયા. (કોઠારીશ્રી શિકાગો મંદિર)



**અષાઢ સુદ-૧૫ (પૂનમ), ધર્મકુળ ગુરુ પૂજનના યશસ્વી યજમાનશ્રી**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપા અર્થે અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી ગુરુ પૂર્ણિમા ધર્મકુળ-ગુરુ પૂજનના યશસ્વી યજમાન : (૧) પ.ભ. પ્રવિણભાઈ નટવરભાઈ પટેલ, અ.સૌ. રમિલાબેન પ્રવિણભાઈ પટેલ (સેડલાવાળા-ન્યુ રાણીપ) - હ. વેદાંત, વાશવી. (૨) પ.ભ. પરસોતમભાઈ ત્રિભોવનદાસ પટેલ (ભાઉપુરાવાળા), હિરાબેન પરસોતમભાઈ પટેલ - હ. શ્રી કલ્પેશભાઈ (કે. પી.) પટેલ, શ્રી ઘનશ્યામભાઈ અને શ્રી પિન્ટુભાઈ પૌત્ર જય, ઉમંગ, ક્રિશ.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડાધામના નવા મહંતશ્રી**

મૂ.અ.મૂ.સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામીના જન્મસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડાના નવા મહંત સ્વામી સ.ગુ. સ્વામી સિધ્ધેશ્વરદાસજી ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી (ઈડર મંદિર મહંતશ્રી)ને નિયુક્ત કરવામાં આવ્યા છે. (સંપર્ક : ૯૭૨૭૮૮૫૧૯૯, ૯૬૮૭૪૬૫૮૪૧, ૮૪૮૭૦૬૯૦૧૯)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણાના નવા મહંતશ્રી**

શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણાના નવા મહંત સ્વામી સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી. (મથુરા મંદિર મહંતશ્રી)ને નિયુક્ત કરવામાં આવ્યા છે. (સંપર્ક : ૭૦૪૧૯૯૨૨૪૫)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રાવણ સુદ-પૂનમ (રક્ષાબંધન) સત્સંગ સભાના યજમાનશ્રી**

**પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રાવણ સુદ-૧૫ તા. ૧૯-૮-૨૦૨૪ ઠાકોરજીને થાળ, સત્સંગ સભા, સંત-વર્ણી પાર્ષદો હરિભક્તોની રસોઈના યજમાન પ.ભ.શ્રી સંજયભાઈ પિંડોરિયા અને પ.ભ. જીતેશ રાઘવાણી - હ. શ્રી નરનારાયણદેવના પૂજારી. વક્તા : પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી (મહંતશ્રી એપ્રોચ મંદિર)**

**સંપ્રદાયનું ગૌરવ**

આપણા શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાન પ.ભ. અશોકભાઈ દવે (નિવૃત જસ્ટીસ ગુજરાત હાઈકોર્ટ) (એડવોકેટ)ના સુપુત્ર પ.ભ. હાર્દિકભાઈને ગર્વમેન્ટપ્લીડર ઓફિસમાં પબ્લીક પ્રોસીક્યુટર (પીપી) તરીકે રાજ્યના કાયદા વિભાગે નિમણૂંક કરી છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળે તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી છે.

**આપણા નાના-મોટા મંદિરોમાં કથા વાર્તા માટે આવતા સંતો માટે હરિભક્તોને સૂચન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે આપણા શ્રી નરનારાયણદેવ દેશના શિખરબધ્ધ હરિ મંદિરોમાં આપણા સંતો દ્વારા કથા વાર્તા-મહાપૂજા કે અન્ય પ્રાસંગિક ઉત્સવ હરિભક્તોના સંકલ્પ પ્રમાણે થતા જ હોય છે. એટલું દરેક હરિભક્તોએ ખાસ ધ્યાન રાખવું કે આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે આપણા ઉપર જણાવેલ કાર્યક્રમ-પ્રસંગો કરવા તેનું હરિભક્ત માત્રે પાલન કરવું. તે આપણી ફરજ છે. (-આજ્ઞાથી)

**શ્રી નરનારાયણદેવ દેશના મંદિરોમાં દાન ધર્માદો-પદાર્થ (વસ્તુ) આપતા હરિભક્તોને ચેક, ડ્રાફ્ટથી આપવા ખાસ સૂચન**

આથી શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત હરિભક્તોને નમ્ર સૂચન છે કે આપ શ્રી નરનારાયણદેવ દેશના શિખરબધ્ધ અને હરિ મંદિરોમાં જે કોઈ હરિભક્તોએ દાન ધર્માદો કરો તો ચેક, ડ્રાફ્ટથી જ કરવો. જેનું ખાસ ધ્યાન રાખવું. જેની ચેક પાવતી અચૂક લેવી અને ઠાકોરજી અર્થે પદાર્થ દર દાગીના જે કાંઈ વસ્તુ આપો તેની ધર્માદા પદાર્થ પહોંચ જે તે મંદિરના કોઠારમાંથી અવશ્ય લેવી. (-આજ્ઞાથી)

# સંવત ૨૦૮૦-૮૧ ના વર્ષમાં ચોમાસામાં ગામડાંઓમાં (દેશ) કથા કરવા ગયેલ સંતોની યાદી

| દેશનું નામ | મંડળધારીનું નામ |
|---|---|
| અમદાવાદ શહેર ચોર્યાસી | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી વ્રજભૂષણદાસજી (ગાંધીનગર સે-૨) ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) |
| કણભા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી (કાલુપુર) |
| બાલાસિનોર | સ.ગુ. શાસ્ત્રી સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી (કાલુપુર) |
| આંતરોલી | સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી (પોરડા) |
| લુણાવાડા | સ.ગુ. સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી |
| માણસા-કટોસણા | સ.ગુ. સ્વામી અજયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી (ધોળકા) |
| ટ્રેન્ટ સીતાપુર | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| વિસનગર | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નારણવલ્લભદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિસેવાદાસજી (વડનગર) |
| કપડવંજ | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી (કાલુપુર) |
| વિહાર-ગેરીતા | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (સિધ્ધપુર) |
| વડું-ડાંગરવા | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજી (કલોલ) |
| બાલવા | સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ઉનાવા) |
| ભાત-કાસીન્દ્રા | સ.ગુ. સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજી (કાલુપુર) |
| વિરમગામ | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| લાંઘણજ | સ.ગુ. સ્વામી નંદકિશોરદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજી |
| મોખાસણ | સ.ગુ. શા. સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિગોવિંદદાસજી (કલોલ) |
| ઉંઝા | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (સિધ્ધપુર) |
| બનાસકાંઠા | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કોટા) |
| પોર-વાવોલ | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ) ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) |
| ધમાસણા | સ.ગુ. સ્વામી આનંદસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી (પોરડા) |
| પ્રાંતિજ-મોડાસા | સ.ગુ. મહંત સ્વામી પ્રાણજીવનદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી (પ્રાંતિજ) |
| સાણંદ-ગોધાવી | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધ્યાનપ્રિયદાસજી (બોપલ) |
| શિરોહી | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (સિધ્ધપુર) |
| સાદરા-વાસણા | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (બાપુનગર) |
| કુડાળ-રાજપુર | સ.ગુ. સ્વામી સદ્‌ગુણદાસજી (મોરબી પૂર્વ મહંતશ્રી) |
| સંતરામપુર | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી (પોરડા) |
| નળકંઠા | સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજી |
| ખાખરીયા | સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી |

**નોંધ : આ દેશમાં કોઈ નવું ગામનું નામ ઉમેરવું હોય તો બાલુ સ્વામીનો સંપર્ક કરવો**

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji



ભારતીય ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ શ્રી જય શાહ
પ.પૂ.લાલજી મહારાજશ્રીને શુભેચ્છા પાઠવતા.



વૈષ્ણવ આચાર્યશ્રી પ.પૂ.લાલજી મહારાજશ્રીને શુભેચ્છા પાઠવતા. સાથે ધર્મકુળ

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026



આપણા સૌના લાડીલા ભાવિ આચાર્ય પ.પૂ.લાલજી મહારાજશ્રીના વિવાહ પ્રસંગના ઉપલક્ષમાં ભારતના ગૃહ પ્રધાન માનનીય શ્રી અમીતભાઈ શાહ આચાર્ય મહારાજશ્રીના નિવાસ સ્થાને શુભેચ્છા પાઠવવા આવ્યા હતા.



અમદાવાદ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો

## 52 મો પ્રાકટ્યોત્સવ

આસો સુદ-૧૦ (વિજયા દશમી)
તા. ૧૩-૧૦-૨૦૨૪ રવિવાર

અમદાવાદ કાલુપુર મંદિરમાં
પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાનિધ્યમાં

## શરદોત્સવ

આસો સુદ-૧૪ (શરદ પૂનમ)
તા. ૧૬-૧૦-૨૦૨૪ બુધવાર
કીર્તન, ભક્તિ અને રાસ-ગરબા
સમય : રાત્રે ૮-30 થી

Praful Kharsani